




શ્રી સ્વામિનારાયણ

# ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૧૦, તા. ૨૦-૪-૦૭

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ
:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી
:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 130 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::


'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.chintansardhar.com
www.sardhar.org
E-mail : amrutdhara2003@yahoo.com


## "વ્હાલા લાગે વાલપના વેણ..."

"...તેમજ તમારો સર્વેનો આચાર્ય ને ગુરુ ને ઉપદેષ્ટા એવો જે હું, તે મારા દેહનાં જે આચરણ તે પ્રમાણે પણ તમારે ન કરવું. અને અમારા સંપ્રદાયને વિષે જેમજેના ધર્મ કહ્યા છે, તે જે અમારાં વચન તે પ્રમાણે સર્વેને રહેવું. પણ અમારા આચરણ પ્રમાણે ન રહેવું. આ જે અમે વાર્તા કરી તેને સર્વ પરમહંસ તથા સર્વ સત્સંગી શીખી લેજ્યો ને એ પ્રમાણે સમજીને એમજ વર્તજો ને બીજા આગળ પણ એમજ વાર્તા કરજો..."

## :: અનુક્રમણિકા ::


૧ 'બોલત બચન સુનત સુખ ઉપજત...' ૦૨

૨ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનો પ્રેરણાદાયી પત્ર ૦૩

૩ સાહસિકતા, એનું નામ જ યુવાની...!!! ૦૪
- સાધુ યોગેશ્વરદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ હરિભક્તોને વર્ત્યાની રીતિ : ૦૭
- સ્વામી આનંદસ્વરૂપદાસજી

૫ ભ્રુણ હત્યા એટલે જનેતા-સ્ત્રીના માતૃત્વભાવનું ખૂન...!!! ૧૧
- સ્વામી આનંદસ્વરૂપદાસજી-સરધાર, સાધુ યોગેશ્વરદાસ-સરધાર

૬ આત્યંતિક કલ્યાણ ૧૫

૭ સત્સંગ સમાચાર પત્રિકા... ૧૮
અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

# 'બોલત બચન સુનત સુખ ઉપજત...'



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

"...શ્રીહરિ સ્વધામમાં જવા તૈયાર થયા ત્યારે નિત્યાનંદ સ્વામીને પાસે રાખ્યા હતા. મુકુંદાનંદ આદિ સંતો પણ પાસે બેઠા હતા. નિત્યાનંદમુનિ તથા ગોપાળાનંદમુનિને શ્રીહરિ કહેવા લાગ્યા કે **અમારા આ બે પુત્રો અયોધ્યાપ્રસાદ અને રઘુવીર છે તેમની સેવા કરજો.** બંનેને સત્સંગની રીત શિખવાડજો. અમારો સત્સંગિજીવન ગ્રંથ છે તે તેમને ભણાવજો. **સંત હરિભક્તોએ તેમની સેવા કરવી. મંદિર અને હરિભક્તોના તે રખવાળા છે, એમ તમારે વાત કરવી.** એ બેઉના હિતને માટે દેશ વિભાગનો લેખ કરી આપ્યો છે. **તે બન્નેમાં જે વિરોધ કરાવે તે વિમુખ છે. અને તેમાં જે સંપ રખાવે તે અમારા છે.** એવી અમારી મરજી છે. એ પ્રમાણે તમે વર્તજો. બંને આચાર્યોને પણ કહ્યું કે તમે બે ભાઈઓ પણ પરસ્પર હેત રાખજો. બંનેને મેં પુત્ર તરીકે માન્યા છે. બંનેમાં જે ભેદ રાખશે તેના અંતરમાં સુખ નહિ રહે અને તેના વંશનો ઉચ્છેદ થશે..."

(શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર - ૭ તરંગ - ૪૮)

સદ્. મુક્તાનંદ સ્વામી પોતાની અંતિમ અવસ્થાએ નિત્યાનંદ સ્વામી ઉપર બંને હાથ મૂકીને કહે છે : "...દેહનો કાળ સમીપમાં આવે છે પણ અંતરમાં બહુ અભિલાષાઓ રહી છે તે અધૂરી મૂકીને હું જાઉં છું, તે તમો પૂરી કરજો. શ્રીહરિ જેવો અવતાર બીજો થયો નથી, પણ જેના દારુણ પાપ હોય એવા જડમતિને તે જણાય નહિ. બુદ્ધિમાં પાપ રહ્યું હોવાથી આંખે દેખે તો પણ માને નહિ. તેમના પાપ નાશ થાય તેવો તમારે ઉપાય કરવો. શ્રીહરિએ પ્રગટ થઈને શુદ્ધ ઉદ્ધવ સંપ્રદાયનું સ્થાપન કર્યું છે. તેમાં નીતિથી ચાલવું એ ધર્મ છે. અને અનીતિમાં ચાલવું એ અધર્મ છે. શ્રીહરિને નીતિ ઉપર રુચિ છે. નીતિનું રાજ્ય ટકે છે. અને નીતિમાં સુખ શાંતિ છે. **પોતનો પ્રતાપ બંને દત્તપુત્ર આચાર્યોમાં ધારણ કર્યો છે. ઉદ્ધવ સંપ્રદાયના તે આચાર્ય જગતમાં સર્વોપરિ થાય તેમ કરજો.** એટલી મારા મનમાં ઈચ્છા છે તે વચન તમો માનજો. તમારો મને પૂર્ણ ભરોસો છે. શ્રીહરિના પ્રતાપથી બ્રહ્મા પણ તમને જીતી શકે તેમનથી. **માટે કોઈ આચાર્યને લોપવા માટે આવે તો ધર્મ અને નીતિથી તેમનાં મૂળ ઉખેડી નાખવાં.** ધર્મ અને નીતિવાળા સંતોને સાથે લઈને જવું અને ધર્મકુળનું સ્થાપન કરવું. ત્યારે નિત્યાનંદ સ્વામીએ તેમ કરવાનું વચન આપ્યું..."

(શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર - ૭ તરંગ - ૪૯)



પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

# પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનો પ્રેરણાદાયી પત્ર



અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણ કારણ આપણા સર્વે કોઈના ઈષ્ટદેવ ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ને સંભારી પત્ર લખતા એટલો જ વિચાર ઊપજે છે કે, 'અહો કૃપાનાથ ! આપે અમારા ઉપર કેટલી મોટી મહેર કરી, ક્યાં અમે ને ક્યાં આપ...!!' બંનેને મળવાનું મોઘું હતું પરંતુ આપે દયા કરી સોઘું કરી દીધું.

વ્હાલા ભક્તજનો ! આપણી દષ્ટી મહારાજની મોટપ સુધી નથી પહોંચતી જેથી કરી આ જગતના નાશવંત સુખમાં મન રમે રાખે છે. મહારાજની મૂર્તિનું સુખ તો મહાઅલૌકિક છે, તેને પામવા માટે જ મહારાજે કરુણા કરી આ મનુષ્ય શરીર આપ્યું છે. આ વેળાએ એ સલુણી છબીમાં હેત કરવાને બદલે માયિક અને તુચ્છ-નાશવંત પદાર્થમાં હેત કરી બેસશું તો આ ભૂલ પછી કોટિ કલ્પે પણ સુધરનાર નથી. માટે વિચારો અને જે કરવા મનુષ્ય તન ધાર્યું છે તે કરવા હવે લાગી જાવ. કારણ કે, 'આ તનનો નહીં નિરધાર, ક્ષણ એકમાં તે થાય નાશ.' - માટે સાવધાન... અંતરને ઢંઢોળી અંતઃશત્રુને પડકારી એક ભગવાનના સાચા શરણાગત બની જે દિવસે મંડશું તે દિવસે જ વાસના ટળનારી છે.

અને વાસના ટાળ્યા વિના ત્રિલોકીમાં રંક હોય યા તો રાજા કોઈ સુખીયો થયો નથી ને થશે પણ નહિ. માટે વાર ન લગાડો, જાગી જાવ, માયાનો ઘોર અંધકારમાં બહુ જન્મથી સૂતા આવીએ છીએ ને દુઃખી થતાં આવીએ છીએ. સુખનું જો કોઈ નિકેતન હોય તો બસ એક મહારાજની મૂર્તિ જ છે. તેમાં જ્યારે મન લગાડશું ત્યારે જ આપણને આપણી ભૂલ સમજાશે કે અહો મહારાજની મૂર્તિને મૂકી મેં કેટલાય જનમ તો વ્યર્થ ગુમાવ્યા પણ આ દિવ્ય સત્સંગ મળ્યા પછી પણ કેટલાય વર્ષ વ્યર્થ ગુમાવ્યા છે.

મન અને બુદ્ધિનું ડહાપણ પડતું મેલી જ્યારે સંપૂર્ણપણે દાસાનુદાસ બનીશું, જગતથી અજ્ઞાની બનીશું ત્યારે પરમાત્માના જ્ઞાનનો ખ્યાલ આવશે. હજુ તો આપણે આપણી જાતને બહુ બુદ્ધિશાળી, જ્ઞાની અને બહુજ ચતુર-હોંશિયાર સમજીએ છીએ. પરંતુ ગુલામ તો મનના મટતા નથી, મનના ગુલામને ડાહ્યો કે હોંશિયાર કેમ કહી શકાય ? અરે ! ભગવાનની મૂર્તિમાં વળગ્યા સિવાય કોટિ ઉપાય કરે તો પણ જે જીવમાં રાગ છે તે ન ટળે. કારણ કે ભગવાનની મૂર્તિમાં વળગ્યા સિવાય જગતના સુખ સમ્યક ખોટા મનાય નહિ. જેથી કરી તેમાંથી વૃત્તિ પણ તુટે નહિ. માટે જોજ્યો, કિંમતી સમય વેડફી માયાના ફોતરા ખાંડી જિંદગી પૂરી કરી નાંખતા નહિ. આખું જગત તો સ્વાર્થથી જોડાયેલ છે, પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો હશે તો વખાણ પણ કરશે. પરંતુ સ્વાર્થ સિદ્ધ થતાંની સાથે જ ગાળો દેશે. માટે વખાણ અને નિંદા આ બંનેથી પર થઈ શ્રીજીમહારાજની મૂર્તિના સુખના ભોક્તા થવાય તેવું કરી લેવું તે જ સાચુ ડહાપણ છે.

ખરેખર ભગવાને સાચા સુખની પ્રાપ્તિ માટે આપણને આ શરીરરૂપી હથિયાર આપ્યું છે. તેનો વ્યય ખોટા ગામ-ગપાટાં કે આડી-અવળી વાતો અને પ્રપંચમાં ગુમાવી છેલ્લે પસ્તાવું પડે તેવું મહેરબાની કરીને કરશો નહિ. જ્યારે પણ સમય મળે ત્યારે સારા ગ્રંથોનું વાંચન કરી નિજ આત્માને ઢંઢોળવા મહેનત કરજ્યો. મૂર્તિ અખંડ ન સાંભરે તો ભગવાન શ્રીહરિનું મુખથી નામ રટવાની ટેવ પાડજ્યો. કારણ કે નામની પાછળ નામીને આવ્યા વિના છૂટકો જ નથી. જીવનની એક-એક ક્ષણ અને પળને ભગવાનને પામવા માટે લગાડી દેજ્યો. પોતાની જાતને તુચ્છ કે અકૃતાર્થ માનશો નહિ, મનુષ્ય શરીરે ધારે તે કરી શકવાની ભગવાને શક્તિ આપી છે. અને સાથે સાથે આપણને આવો રૂડો ષડ્અંગી સંપ્રદાય મળ્યો છે, ભોજન તૈયાર છે. બસ, હવે તો મુખ સુધી પહોંચાડવાની મહેનત કરવી પડે તેમ છે. અને પછી તો મન સ્વયં હરિના રંગે રંગાય જશે, પછી ભજન પણ સહજ થઈ જશે. માટે મંડજ્યો અને છેલ્લો જન્મથઈ જાય તેવો દાખડો કરતા રહેજ્યો એજ વિનંતી સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણને સહુને તેનું મૂર્તિનું સુખ આપે તેવી તેમના શ્રીચરણોમાં પ્રાર્થના સાથે પત્રને વિરામ આપું છું.



# સાહસિકતા, એનું નામ જ યુવાની...!!!

■ સાધુ યોગેશ્વરદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સફળતાની તક સતત તમારી સામે છે. તમે તકની રાહ ન જુઓ, તે બારણે આવીને ઊભી છે. તમે પ્રયત્ન કરો, તરત સફળતા મળશે. બાઈબલમાં કહ્યું છે : "બંધ બારણાંને જોયા કરવાથી ક્યારે ઉઘડશે ? તેવું વિચાર્યા કરવાથી તે ખૂલી જવાનું નથી, તમે ધક્કો મારો એટલે ખૂલ્યું જ સમજો. કોઈને ખોલવા આવવાની જરૂર નથી."

ચલ ચલ રે નવજવાન !
તું આગે બહેજા, આફત સે લડે જા.
આંધી હોય યા તુફાન, ફીરતા રહે આસમાન;
રૂકના તેરા કામ નહિ, ચલના તેરી શાન.

રસ્તે પડ્યા તો રણમાં ય રસ્તા મળી ગયા, ઊભા રહ્યા જે મંઝિલે તે ભૂલા પડી ગયા.

સાહસ એ યૌવનનો પ્રાણવાયુ છે, જીવનની ચેતના છે ! સાહસને અભાવે માણસ મૃતવત્ બની જાય છે. સાહસ શૂન્ય સામાન્ય જનો સાગર તટે શૃંખલા-છીપલાં વીણતા બેસી રહે છે. જ્યારે મોતને હાથમાં લઈને ઝઝુમનારા મરજીવાઓ મહેરામણનાં મોતી મેળવવા સદ્ભાગી બને છે.

'સલામતી એ જીવનનો સડો છે.' એ કહેવત યથાર્થ ભાસે છે. સલામતીના ચાહકો સિદ્ધાંતવિહીન સમજુતીમાં રાચે છે. પોતાની સલામતી ન જોખમાય એ માટે તેઓ અસત્ય જોડે પણ સમાધાન કરે છે. સગવડોને સાચવવા તેઓ સિદ્ધાંતોમાં પણ બાંધછોડ સ્વીકારી લે છે. એલન વોટ્સ લખે છે : 'Never decide for Security Otherwise you will always decide wrongly.' - 'સલામતીને કેન્દ્રમાં રાખીને લીધેલા નિર્ણયો ખોટા હોવાની વિશેષ સંભાવના છે.'

સાહસથી માણસની જીવનશૃંખલા ખીલે છે. સાહસિક મનુષ્ય સદા મુક્તિની આબોહવામાં વિચરતો હોય છે. જ્યારે સલામતીની સગવડોનો ગુલામસદાને માટે ભયથી પીડાતો હોય છે.

એક રાજાએ પોતાની સલામતી જાળવવા પોતાના મહેલની આસપાસ મોટી દીવાલ ચણી લીધી.

તેમાં માત્ર એક જ બારણું રાખ્યું અને તે બારણે પોતાનું લશ્કર ગોઠવી દીધું.

આ જોઈને બીજા એક મિત્ર રાજાએ કહ્યું : "એક બારણું પણ શા માટે રાખ્યું ? સંભવે છે કે તારા લશ્કરને હરાવીને કોઈ ત્યાંથી પ્રવેશ કરે ! એ બારણું પણ બંધ કરાવી દે. પછી તું સંપૂર્ણ સલામત !"

બહાર નીકળવાનું બારણું બંધ થઈ જાય પછી એ મકાનને મહેલ કહેવાય કે જેલ ?

અને... ખરેખર જેલમાં પણ માણસ સૌથી વધુ સલામત હોય છે જ !

જીવન સંગ્રામમાં વિચક્ષણ એક પુરુષ કહે છે : 'સાહસિકતા ! મને નહોતી ખબર કે તું છે ગણિત.'

એક પદ ખોટું તો આખો દાખલો ખોટો !

સ્વામી વિવેકાનંદ પ્રત્યેક યુવાનને આત્મવિશ્વાસ કેળવવાનો નિર્દેશ કરે છે : "શ્રદ્ધા રાખો મારા બહાદુર યુવાનો ! કે તમે બધાં જ મહાન કાર્ય કરવા જનમ્યા છો. કૂતરાઓના ભસવાથી કે આકાશી વીજ કડાકાઓથી ન ડરતા અડગ ઊભા રહો અને કામ કરો."

ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય છતાં માણસે નિરાશ થવાની જરૂર નથી. કાળા વાદળાને પણ રૂપેરી કિનાર હોય છે. જેના ભાગ્યમાં સવાર ન હોય એવી કોઈ જ રાત્રિ હોતી નથી,



અમાસની અંધારી ઘેરી રાત પછીનું પ્રભાત ખૂબજ રમણીય હોય છે. રાત જેટલી સંગીન, સવાર એટલી જ રંગીન!

નિરાશાને જે નિરાશ બનાવી દે તે જ સાચો યુવાન!

તકની રાહ જોવી એમને પાલવતી નથી, જ્યારે ધારે ત્યારે તેઓ તક ઊભી કરી લે છે.

'ન કરતો ભાગ્યની પરવા, હું એને ખુદ ઘડી લઉં છું; ગ્રહો વાંકા પડે કોઈ તો, સીધા ગોઠવી દઉં છું.

નહીં શોધું તકોને હું, તકો ઊભી કરી લઉં છું; પ્રતિકુળતાના પંકે, પંકજોને ખીલવી દઉં છું.'

ખરા તરવૈયાને જેમ પ્રવાહની વિરુદ્ધ તરવામાં આનંદ આવે છે તેમ કાળને બદલવા જન્મેલા પુરુષ સિંહો પ્રવાહ પતિત થઈને શી રીતે બેસી શકે!

'સાગરના બુદ્‌બદ્ સાગરના વિસ્તારની વાતો શું જાણે?
દિનરાત કિનારે ભમનારા, મઝધારાની વાતો શું જાણે?
દુઃખ દરિયામાં આધારને માટે પ્રાણ પછાડી લેનારા,
એ અંજલિમાં સાગરને ભરી પીનારની વાતો શું જાણે?'

સફળતાની તક સતત તમારી સામે છે. તમે તકની રાહ ન જુઓ, તે બારણે આવીને ઊભી છે. તમે પ્રયત્ન કરો, તરત સફળતા મળશે. બાઈબલમાં કહ્યું છે : ''બંધ બારણાંને જોયા કરવાથી ક્યારે ઉઘડશે? તેવું વિચાર્યા કરવાથી તે ખૂલી જવાનું નથી, તમે ધક્કો મારો એટલે ખૂલ્યું જ સમજો. કોઈને ખોલવા આવવાની જરૂર નથી.''

કામક્રોધાદિ અતિ ભયંકર દુશ્મનો સામે બાથ તો ભીડો, ઝઝુમો તો ખરા! ભલેને પરાજય - ઘોર પરાજય થાય, લોકો એટલું તો કહેશે કે 'ભડના દીકરા હતા, ખૂબ ઝઝુમ્યા પણ હારી ગયા.'

કેટલી બધી આળસની ઊધઈ લાગી ગઈ છે! પેલો નટુ બોરડીના ઝાડ નીચે સૂતો હતો. તેના સદ્‌નસીબે એક પાકેલું મજાનું બોર તેની છાતી ઉપર પડી ગયું. પરંતુ તે બોર હાથેથી લઈને મોંમા નાખવાની તેની તૈયારી ન હતી. એટલુંય કાર્ય કરવા માટે તેની આળસ આડી આવતી હતી. શી રીતે બોર તેના મોંમા જાય તેની તેને ખોટી ચિંતા હતી. એટલામાં ઊંટવાળો આવ્યો તેને બૂમ પાડીને સૂતેલા નટુએ કહ્યું : ''ભાઈ! મારી છાતીએ પડેલું બોર મોંમા મૂકી દે તો તારો આભાર...!!'' ત્યારે ઊંટવાળાએ કહ્યું : ''ના, એ કામ મારાથી થાય તેમ નથી, મારે ઊંટને બેસારવું પડે, મારે તારી પાસે આવવું પડે, આ બધું હું નહિ કરી શકું.''

નટુ કહે : ''ઓ ભગવાન! જો ને તારા રાજ્યમાં કેટલા આળસુ માણસો વસ્યા છે! ઊંટ બેસાડીને ઊતરવામાં, મારી પાસે આવવામાં, આટલા કામમાં ઊંટવાળાને આળસ ચડે છે.''

હાય! હવે મારી છાતીએ પડેલું બોર મારા મોંમા કોણ આપશે?

મનુષ્ય સમાજમાં 'નટુ'ની મેગા-આવૃત્તિ બની છે, વિલાસે તેને ઘેરી લીધી છે.

ખેર... કોઈકે તો કંઈક કરવું જ પડશે. બીજાઓને ઠપકો દઈને કામપુરું થઈ જતું નથી. કોઈકે તો કમર કસવી જ પડશે.

જ્યારે અનેક રાષ્ટ્ર ઉપર આક્રમણ કરવા નેપોલીયન ધસી ગયો હતો ત્યારે ઠંડા લોહીવાળા રાજાઓ હિંમત હારી ગયા. શરણાગતિ સ્વીકારવા તૈયાર થઈ ગયા. પરંતુ તે વખતે તેમના યુવરાજાઓ ભેગા થઈ ગયા. તેમણે પણ હારીને અતિ દુઃખોમાં પોતાની રૈયતને ધકેલી દેવાને બદલે શરણાગતિ સ્વીકારવાની વાત કરી તે વખતે તેમાંનો એક રાજકુમાર ઊભો થઈ ગયો. તેમણે ત્રાડ નાખીને કહ્યું : ''કોઈકે તો તેને આંતરવો જ પડશે. 'Somebody must stop him somewhere' - ચાલો, જીતવું જ છે. તો એવો દૃઢ સંકલ્પ કરીને ખભેખભા મીલાવીને નેપોલીયનની સામે ધસી જઈએ વિજય આપણો જ છે.''

અને... ખરેખર તેમજ થયું તે પ્રદેશોમાંથી નેપોલીયનને ભાગી છૂટવું પડ્યું. સંકલ્પને જ છેટું હોય છે, સિદ્ધિને નહિ.

પૂર્વે કહ્યું તેમ દોષો આત્માની અંદર સંસ્કારરૂપે થઈને એકરસ બનીને પડ્યા છે. તેમને ઉખેડવાનું કામ જરાય આસાન નથી. ખેર, પરંતુ તેથી કાંઈ તેમના હુમલાઓ સામે શરણ ન સ્વીકારી લેવાય. આ તો બાયલાપણું કહેવાય, દોષોની સામે ત્રાટકવું તો જોઈએ જ. હા..., કેસરીયા જ કરવા પડે. કેમકે તેનું બળ અતિ વધુ છે.

જે દોષોની સામે 'ફાઈટ' આપે છે તે હારે તો ય જીત્યો ગણાય, કારણ કે મહાભયાનક શત્રુની સામે નબળા પડી ગયેલા આત્માને માથું ઊંચકવાનું છે. સ્વપુરુષાર્થથી જીતવાની કોઈ શક્યતા નથી.

તેમ છતાં... પેલો દેડકો સાપની

તગતગતી આંખો જોઈને ડઘાઈ જાય અને તેથી સાપ આરામથી મોંમા મૂકી દે. દેડકાના પગમાં રહેલી નાસી છૂટવા માટેની ચપળતા સાવ લકવાગ્રસ્ત બની જાય એ બધું પણ બરોબર નથી.

દોષોની સામે ડઘાઈ તો ન જ જવું, પ્રતિકાર અવશ્ય કરવો.

ધાડુપાડુઓની સામે એકલવીર બનીને, લડીને વીરગતિ પામેલા ગામોગામના નરબંકાઓ ગામના સીમાડે પાળીયા થયા છે. આજે ય તે પૂજાય છે.

પડ્યા રહેવું તે કરતા લડતાં લડતાં પડી જવું, હારી જવું તે સારી વાત છે.

મીસીસીપી-મિસૂરી એટલે વિશ્વની મહાનદી. તે ધસમસતી જઈને સાગર સાથે બાથ ભીડે છે, સાગર ઉપર ત્રાટકે છે.

બિચારી નદીનું વિરાટ સાગર સામે શું ગજું?

હા..., શરૂઆતમાં તો તે સાગરના ખારા પાણીમાં ૫-૧૦ કીલોમીટર સુધીનો વિસ્તાર મીઠા પાણીનો પટ્ટ બરોબર જમાવી દે છે. પરંતુ થોડી પળોમાં સાગરના વાંભ વાંભ ઊછળતા વિરાટકાય મોજાઓ તે પટ્ટ ઉપર ધસી જઈને તેને પોતાનામાં વિલીન કરી નાંખે છે. તેમનું અસ્તિત્વ સાફ કરી દે છે.

બોલો..., કોણ મહાન ? સાગર કે નદી ? હું કહીશ કે નદી મહાન ! સાગર સાથે બાથ ભીડવાની તેમની હિંમતને લાખ લાખ ધન્યવાદ છે. હારવું કે જીતવું તેનું બહુ મહત્ત્વ નથી 'ઝઝૂમવું' એ જ મહત્ત્વનું છે.

જટાયું પંખી, રાવણ સામે કેવી 'ફાઈટ' લીધી-કેવું ઝઝુમ્યું હતું!

પેલું ચંડોળ પક્ષી ! સૂર્યનો ઉદય થતાં ધરતી ઉપર કેવું કૂદે છે, એ સૂરજને પકડવાં માટે કૂદતુ હોય તેવું કવિઓનું મંતવ્ય છે. વાહ ! કેવી કમાલ છે. અશક્યની ભાવનાઓ ! ભલેને ક્યારેય તે સૂરજને ન આંબે તો ય તેની ભાવના સૂરજ કરતા મહાન છે, વિરાટ છે. બિચારો સૂરજ ! કહેવાય છે કે આપણી ધરતી કરતા ચાર ગણો મોટો છે. ભલે, પણ હવે તેના કરતાંય ચાર ગણી મોટી ઓ ચંડોળ ! તારી ભાવના છે.

સૂરજ મહાન હોય તેમાં નવાઈ નથી. ભાવનાથી ચંડોળ મહાન બન્યું છે તે જ મોટી વાત છે.

કહેવાય છે કે વિશ્વ વિજેતા ટીમની સામે બાંગ્લાદેશની ટીમ જીતવા માટે લડે તે જ બહુ મોટી વાત. ભલે તે ઈનિંગ્સના દાવે હારી જાય.

વિશેષમાં વધુ બળ પ્રાપ્ત કરવા માટે ઉપસંહારમાં... વચનામૃતનું ભગવાન શ્રી સ્વામિનારાયણનું વચન સ્મરણ કરીએ : "જેમ એક લડવા નીસર્યો તેને આગળ વાણિયા કે ગરીબ વર્ણ આવ્યા તેને જીતી ગયો તે પણ જીત્યો જ તો અને એક તો લડવા નીસર્યો તેને આગળ આરબની બેરખ આવી તથા રજપૂત આવ્યા તથા કાઠી તથા કોળી આવ્યા તેને તો જીતવા કઠણ જ છે, પણ કાંઈ એ વાણિયાની પેઠે તરત જિતાઈ જાય એવા નથી માટે એ તો એમને એમ લડે છે અને તેમાં જો જીત્યો તો જીત્યો અને જો લડતે લડતે શત્રુનો હઠાવ્યો તો ન હઠયો, પણ દેહનો આયુષ્ય આવી રહ્યો અને મૃત્યુને પામ્યો તોપણ જે એનો ધણી છે તે શું નહિ જાણે ? જે 'એને આગળ આવાં કરડાં માણસ આવ્યા હતાં તે નહિ જિતાય અને આની આગળ તો વાણિયા આવ્યા હતા તે જિતાય એવા હતા' એમ એ બેય ધણીની નજરમાં હોય. તેમ એની ભગવાન સહાય કરે જે, 'આને આવા સંકલ્પવિકલ્પનું બળ છે અને લડાઈ લે છે માટે એને શાબાશ છે એમ જાણીને ભગવાન એની સહાય કરે છે. માટે બેફિકર રહેવું. કાંઈ ચિંતા રાખવી નહિ. ભગવાનને એમને એમ ભજ્યા કરવું ને સંતનો સમાગમ અધિક રાખવો ને કુસંગીથી છેટે રહેવું.''

(વચનામૃત : પ્ર. પ્ર. ૭૦)


વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલી તથા બોરિવલીનો**

**॥ ભવ્ય તૃતીય પાટોત્સવ ॥**

| :: ડોંબીવલી પાટોત્સવ કાર્યક્રમ :: | -: મહોત્સવ તારીખ :- | :: બોરિવલી પાટોત્સવ કાર્યક્રમ :: |
|---|---|---|
| સવારે ૧૧.૩૦ કલાકે | ૨૫-૬-૦૭ | સવારે ૯.૦૦ કલાકે |
| સત્સંગ સભા : સવારે ૧૨ થી ૧ | જેઠ સુદ - ૧૦ સોમવાર | સત્સંગ સભા : સવારે ૯.૩૦ થી ૧૦ |

**ખાસ નોંધ** :- તા. ૨૫-૬-૦૭ના રોજ બપોરે ૪ થી ૭ સુધી **સમસ્ત મુંબઈ પરાવિસ્તાર શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ** આયોજીત થાણાને આંગણે ભવ્ય દ્વિમાસિક સત્સંગ સભાનું આયોજન કરવામાં આવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ભક્તોને નિત્ય અનુકરણીય સ્નાનપૂજાદિ પવિત્ર નિયમો તથા ભગવત્સ્વરૂપનો નિશ્ચય અને ભગવદીયનો પક્ષ કેવા હોવા જોઈએ ? તથા અર્ચાસ્વરૂપ ભગવાનની મૂર્તિ સત્શાસ્ત્રો તેમજ દેવાલયાદિ તીર્થસ્થાનો તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા વડીલ સંતો-હરિભક્તો તથા વરિષ્ઠ જનોની મર્યાદા કેવી રીતે સાચવવી તથા ઉત્સવ-સમૈયામાં કેવી વર્તણુંક રાખવી તેમજ અન્ય દિવસોમાં પણ સર્વત્ર ભક્તજનો સાથે કેવું વર્તન રાખવું તેની અનેકવિધ રીતને યથાવિભાગને સંક્ષેપથી શીખવતી લેખમાળા અહીં પ્રસ્તુત છે...

**ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત**
**સાંપ્રદાયિક બંધારણીય મુજબ**

# હરિભક્તોને વર્ત્યાની રીતિ :

■ સ્વામી આનંદસ્વરૂપદાસજી - સરધાર

- પોતાના આચાર્ય સાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન વસ્ત્રાદિકે કરી પોતાના આચાર્યને પૂજવા.
**(શિ. શ્લો.-૭૧)**

- પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું. ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું.
**(શિ. શ્લો.-૭૨)**

- વાજિંત્ર સાથે ધામધૂમથી સામૈયું કરવું, શોભાયાત્રા સાથે ગામમાં પધરાવવા.

ગતાંકથી આગળ...

- ઘર વિશાળ હોય તો પૂજાનો રૂમ અલગ રાખવો. શક્ય હોય તો ભગવાનનાં સિંહાસન પાસે T.V., રેડિયો કે ઘરની અન્ય વસ્તુઓ ન રાખવી.

- સવાર-સાંજ ભગવાનની આરતી, થાળ, જગાડવા-પોઢાડવા વિગેરે સેવા પ્રત્યક્ષ માનીને કરવી. આરતી-નિત્યનિયમના સમયે ઘરના દરેક સભ્યોએ તેમાં જોડાઈ જવું.

- બહાર ગામ જવાનું થાય ત્યારે ઠાકોરજીને પાણી ધરાવી પડદો રાખી પ્રાર્થના કરવી, "હે મહારાજ ! અમારે બહાર ગામ જવાનું છે તો આપ મંદિરમાં મૂર્તિ ભેગા થાળ વિગેરે જમવા પધારજો."

- સવારમાં નિત્યપૂજા-વિધિ થઈ ગયા પછી પૂજાપેટી સારી જગ્યાએ સિંહાસન, કબાટ કે થેલીમાં મર્યાદા જળવાય ત્યાં રાખવી.

- બહાર ગામ જવાનું હોય ત્યારે પૂજા અવશ્ય સાથે લઈ જવી. દરરોજ ધોતિયું પહેરીને જ પૂજા કરવી.

- ભગવાનનાં દર્શન કરતી વખતે ઓછામાં ઓછા પાંચ દંડવત્ પ્રણામ કરવા. ભગવાનને એક દંડવત્, એક પ્રદક્ષિણા તથા એકજ હાથે પગે લાગવું નહિ.

- મંદિરે દર્શન કર્યા પછી ત્યાં ઓટલા ઉપર બેસી શિખર, કળશ ને ધજાના દર્શન કરી મૂર્તિનું ચિંતવન કરવું.

- મંદિરે દર્શન કરવા જઈએ ત્યારે જતાં-આવતાં સ્વામિનારાયણ મહામંત્રનો પાઠ કરવો અથવા કિર્તન ગાવા, કેમ કે દર્શનનો પિરીયડ ઘેરથી નીકળીએ ત્યારથી જ શરૂ થઈ જાય છે.

- માર્ગને વિશે ચાલતાં શિવાલયાદિક જે દેવ મંદિર આવે તેને નમસ્કાર કરવા ને આદરથી તે દેવનું દર્શન કરવું. (શિ. શ્લો. ૨૩)

- દેવદર્શને જઈએ ત્યારે પોતાના વાહનને યોગ્ય જગ્યાએ પાર્ક કરવું જેથી અન્યને અડચણરૂપ થાય નહિ. મંદિરમાં હોર્ન વગાડવુ નહિ.

- આ સિવાય દેવની મર્યાદા અંગે બીજા પણ નિયમો તારવી શકાય છે. પરંતુ ટુંકમાં આપણે ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા માટે નિષ્કપટ થઈ શરણે જઈએ અને નિશ્ચયનું બળ રાખી એમના વચનને માનીએ તેમાંજ સર્વે મર્યાદા સમાયેલી છે.

## શાસ્ત્રની મર્યાદા

- શાસ્ત્રવાંચન ચાલુ કરતા પહેલાં પુસ્તકને પગે લાગવું તથા મંગળાચરણનો શ્લોક બોલીને જ વાંચવું.

- વાંચતા વાંચતા અધવચ્ચે ક્યાંઈ જવું પડે તો પુસ્તક બંધ કરી યથાયોગ્ય સ્થાને મૂકીને જવું.

- શાસ્ત્રના પાના વાળવા નહિ, તેનો તકિયો કે ઓઠીંગણ બનાવવું નહિ. પગ નીચે રાખવું નહિ.

- પુસ્તક બહાર લઈ જવું હોય તો કપડામાં બરાબર બાંધીને કે કોથળીમાં લઈ જવું. જેથી હાથનો પરસેવો ન લાગે.

- પુસ્તકના પાનાને ખોલવાં થૂંક ન લગાડવું. અધ્યાય પૂરો થાય પછી ઉઠવું કે વાત કરવી.

- શાસ્ત્ર એ શ્રીહરિનું સ્વરૂપ છે માટે પુસ્તકને ઉંચા આસન પર રાખવું. પવિત્ર થઈ અડવું.

## તીર્થ સ્થાનોની મર્યાદા

- તીર્થસ્થાનસ્થ કૂવાથી દૂર સ્નાન કરવું જેથી નાહ્યાનું પાણી કૂવામાં ન જાય. નદી કે તળાવમાં કોગળા કરવા નહિ. મળમૂત્ર, કચરો, પથ્થર, કાંટા આદિ નાખવું તે બહુ જ ખરાબ છે.

- અજાણ્યા પાણીમાં ઉતરતા પહેલાં લાકડીથી પાણીનું ઉંડાણ જાણી લેવું. તરતા આવડતું ન હોય તો ઉંડા પાણીમાં ન જવું. નદી, કૂવા કે સરોવરના ઘાટ પર ગંદકી કરવી નહિ.

- લોક અને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વર્જ્યા એવા સ્થાનક જે જીર્ણ દેવાલય, નદી-તળાવના આરા, માર્ગ, વાવેલું ખેતર, વૃક્ષની છાંયા તથા બાગબગીચાને વિષે ક્યારેય પણ મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. (શિ. શ્લો.-૩૨)

- તીર્થ સ્થાનમાં પાપ ધોવા માટે આવીએ છીએ તો બને તો સફાઈ કરીએ, પણ ગંદકી તો કરવી જ નહિ.

- તીર્થ સ્થાનમાં મનને પવિત્ર રાખવું. ભગવાનમાં વૃત્તિ જોડવી. સંત સમાગમકરવો.

- તીર્થ સ્થાનમાં મળતી સગવડ-અગવડને યાદ ન કરવી, મુખ્ય હેતુ તો દર્શનનો છે તેનું અનુસંધાન રાખવું. તીર્થ સ્થાનમાં ભગવાનની મૂર્તિના દર્શન કરી શણગાર અને પ્રસાદીના સ્થાનને યાદ રાખવા.

- તીર્થયાત્રાનો વિધિ તથા વિશેષ મહિમા શ્રીમદ્ સત્સંગિજીવન તથા હરિલીલામૃત વગેરે ગ્રંથમાંથી જાણી લેવો.

## ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની મર્યાદા

- પોતાના આચાર્ય સાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન વસ્ત્રાદિકે કરી પોતાના આચાર્યને પૂજવા. (શિ. શ્લો.-૭૧)

- પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું. ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. (શિ. શ્લો.-૭૨)

- વાજિંત્ર સાથે ધામધૂમથી સામૈયું કરવું, શોભાયાત્રા સાથે ગામમાં પધરાવવા.

- પોતાના આચાર્ય પાસેથી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં મંદિરમાંથી કરજ ન કરવું. વળી પોતાના વ્યવહાર અર્થે ઘરેણાં, વસ્ત્ર-પાત્રાદિક વસ્તુ તે માગી લાવવા નહિ. (શિ. શ્લો.-૧૫૦)

- આચાર્ય મહારાજશ્રીના દર્શને જઈએ ત્યારે દંડવત્ પ્રણામકરવા. મસ્તકેથી ટોપી, પાઘડી કે સાફો ઉતારી મસ્તક નમાવવું.

- મહારાજશ્રી સભામાં આવે ત્યારે આદર થકી ઉભા થવું, આચાર્યશ્રી પોતાના સ્થાને બિરાજે પછી જ બેસવું. જાય ત્યારે ઉભા થઈ નમસ્કાર કરવા.

- દર્શને જઈએ તો હાર ધરાવવો કે શ્રીફળ અથવા ધન-વસ્ત્ર-ફળાદિક ભેટ તેમના ચરણમાં મૂકવી. અથવા હાથમાં અર્પણ કરવી.

- સમૈયામાં ભીડ હોય ત્યારે આચાર્યશ્રી ચાલતા પસાર થતા હોય ત્યારે ચરણ સ્પર્શ કરવા પડાપડી ન કરવી. માત્ર હાથ જોડી ઉભા રહી પ્રણામ કરવા. ભીડમાં બે બાજુ હાથ જોડી ઉભા રહી વચ્ચે રસ્તો કરી આપવો, જે ચરણ સ્પર્શ કરતાં અધિક છે.

- પુરૂષોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પાસેથી અને બહેનોએ પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રી પાસે અવશ્ય ગુરૂમંત્ર લેવો અને તે મંત્રની દરરોજ ઓછામાં ઓછી બે માળા કરવી.

- દર વર્ષે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને નામવેરો આપવો.

- આવી રીતે અનેક પ્રકારની મર્યાદાઓ છે. અન્ય સાધારણ નિયમો મોટેરાની મર્યાદામાંથી પણ જોઈ લેવા.

- લગ્ન આદિ વ્યક્તિગત વ્યવહારિક કાર્યક્રમોમાં આપણે આશીર્વાદ લેવા સામેથી જવું, પણ આશીર્વાદ આપવા માટે તેડાવવાનો આગ્રહ રાખવો નહિ.

## મોટેરાની મર્યાદા

**મોટેરા** :- જેમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, ત્યાગી સંત-બ્રહ્મચારી, ગૃહસ્થમાં લોકવ્યવહારે મોટેરા એવા રાજ્ય-અધિકારીઓ, ધનવાન તથા પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ મનુષ્ય એ સર્વેનો સમાવેશ થાય છે.

શ્રીહરિના એક પત્રમાં લખ્યું છે કે સભા બેઠી હોય અને કોઈ મોટેરા આવે ત્યારે નાના વ્યક્તિએ સભામાં ઉભા થવું અને આસન પાથરી આપવું. નમસ્કાર કરવા, પ્રસન્નવદને આવકાર આપવો.

- મોટેરા આગળ મર્યાદા અનુસારે નમ્ર થઈ વિવેકથી બોલવું, પણ વાદવિવાદ ન કરવો.

- ભોજનની પંક્તિમાં મોટેરા બેસે પછી બેસવું. તે જમવાનું શરૂ કરે પછી જમવું. તે જમીને ઉઠે પછી ઉઠવું.

- સૂતી વખતે પણ મોટેરા સૂવે પછી સૂવું અને જાગે તે પહેલાં જાગવું. તેઓને શ્રીહરિનાં નામસ્મરણ સાથે જગાડવા.

- મોટેરાને વિષે ગુરૂબુદ્ધિ રાખીને સેવા કરવી. મોટેરાની

નિંદા ન કરવી તથા ન સાંભળવી. મોટેરાની મર્યાદા લોપે છે તેના તપનું દૈવત સ્રવી જાય છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને વડિલોની મર્યાદાઓ રાખવા વિષે શિક્ષાપત્રી, વચનામૃત, શ્રીહરિચરીત્રામૃત સાગર આદિક ગ્રંથોમાં જે મુદ્દાઓનું ઉલ્લેખન કરેલ છે તેને જોઈએ.

- ગુરૂ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણાં આવે ત્યારે સન્મુખ ઉઠવું, આસન આપવું તથા મધુરે વચને બોલાવવું, ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. (શિ. શ્લો.-૬૯)

- રાજા પરીક્ષિતનું ઋષિના આશ્રમમાં અપમાન થયું, બ્રહ્માની સભામાં ધ્યાનસ્થ શિવજીથી દક્ષ પ્રજાપતિનું સન્માન ન થયું, તો શું પરિણામઆવ્યું ? માટે સંસાર વ્યવહારે જે મોટો માણસ કહેવાતો હોય તેનું સભામાં કોઈ રીતે અપમાન કરવું નહિ, જો અપમાન કરે તો એમાંથી જરૂર દુઃખ થાય અને ભજન સ્મરણમાં પણ વિક્ષેપ થાય. (વચનામૃત ગ.મ.પ્ર.-૬૧)

- ભગવાનના ભક્તની મને-વચને-દેહે કરીને જે સેવા બની આવે તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને નથી થતું. માટે ભગવાનના ભક્તનો દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો. (વચનામૃત ગ.મ.પ્ર.-૪૦)

- મને પોતાનો ઈષ્ટદેવ જાણે છતાં વારે વારે મારા વેણ ઉપર વેણ લાવે તે ન ગમે. હું કોઈની આગળ વાત કરતો હોઉં ને બોલાવ્યા વિના વચમાં બોલે તે ન ગમે. (વચ. ગ.અં.પ્ર.-૨૫)

- ત્યાગ, ભક્તિ, સેવા ને નિર્માની પણાનો અહંકાર બોલીમાં લાવે તે ન ગમે...

- સભા બેઠી હોય ત્યારે સૌથી છેલ્લો આવીને બેસે પણ પોતાને જ્યાં ઘટતું હોય ત્યાં ન બેસે તે ન ગમે. (ગ.અં.પ્ર.-૨૫)

- પરમેશ્વર અને મોટા સંત સાથે પ્રશ્ન-ઉત્તર કરતાં હોઈએ અને તેમાં પરસ્પર વાદવિવાદ થતો હોય અને તેમાં પોતે જીતીએ એમ જણાય તો પણ જે મોટાથી નાના હોય તેણે મોટાને સમીપે નમી દેવું. આપણા કરતાં મોટા સંત હોય તે સભામાં પ્રશ્ન-ઉત્તરે કરીને ભોંઠા પડે એમકરવું નહિ. મોટા સંત આગળ ને પરમેશ્વર આગળ તો જરૂર હારી જવું. (વચનામૃત સા.-૨)

- પરમેશ્વર તથા મોટા સંત તે પોતાને કોઈ યોગ્ય કે અયોગ્ય વચન કહે ત્યારે તે વચનને તત્કાળ સ્નેહે સહિત માનવું.

- કોઈ વચન પોતાને મનાય નહિ એવું હોય તો, પરમેશ્વર તથા મોટા સંત તેમની મરજી હોય તો તેમને હાથ જોડીને ભક્તિએ સહિત એમ કહેવું જે, હે મહારાજ ! ''તમે જે વચન કહ્યું તે તો ઠીક છે, પણ આટલી મને તેમાં આશંકા થાય છે.'' એ પ્રકારનું દીન થઈને વચન કહેવું.

- જો પરમેશ્વરની મરજી ન હોય તો તેમની સમીપે રહેતા હોય જે મોટા સંત તથા હરિભક્ત તેમની આગળ કહેવું. પછી તેનું મોટા સંત સમાધાન કરે તથા પરમેશ્વર આગળ કહીને એ વચનનું સમાધાન કરાવે, પણ પરમેશ્વરે અયોગ્ય કે યોગ્ય વચન કહ્યું હોય તે સમયે ના પાડવી નહિ. એવી રીતની યુક્તિએ કરીને મોટાના વચનને પાછું ઠેલવું, પણ તત્કાળ ના પાડવી નહિ. (વચનામૃત સા.પ્ર.-૨)

- ભગવાનનો દ્રઢ આશ્રિત હોય ને તે જેવો તેવો ગરીબ હરિભક્ત હોય તો પણ તેની આગળ માન ન રાખવું. (વચનામૃત લોયા-૬)

- આચાર્ય મહારાજશ્રી, મોટા સંતો તથા વડિલોને સંબોધતા 'આપશ્રી' કહેવું, પણ 'તમે' એમ ન કહેવું.

- સવારમાં પૂજા કરીને અથવા દિવસમાં જ્યારે પહેલા મળે ત્યારે અને છૂટા પડીએ ત્યારે ''જય સ્વામિનારાયણ'' કહી નમસ્કાર કરવા.

- મોટેરા બોલાવે ત્યારે 'હા' એટલું જ ન કહેતા 'જીહાં' એમ વિવેકથી બોલવું.

- પત્ર લખીએ ત્યારે આચાર્ય મહારાજશ્રીને માટે ધર્મકુલ મુગટમણિ, ધર્મમાર્તંડ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રી ! અને સંતોને માટે પરમપૂજ્ય, સદ્‌ગુરૂશ્રી તથા હરિભક્તોની માટે પરમભગવદીય, સત્સંગ શિરોમણિ, હરિભક્ત શિરોમણિ એ પ્રમાણે જે ઉપમાને યોગ્ય હોય તે પ્રમાણે લખવું. પણ પોતાના નામ આગળ શ્રી વિગેરે ઉપમા ન લખાય.

- આપણાથી મોટા હોય તેના તરફ વાંસો રાખીને ન બેસવું.

- આપણા ગુરૂ આદિ સાથે ચાલતા હોઈએ ત્યારે તેમનાથી બે ડગલા પાછળ ચાલવું. તે પાછળ હોય તો રસ્તો આપી આગળ થવા દેવા. તેમના હાથમાં કાંઈ સામાન હોય તો આપણે ઉપાડી લેવો. દરવાજો ખોલવાનો હોય તો આપણે ખોલી આપવો.

- કથા-વાર્તા, વ્યાખ્યાન કે ભજન-કિર્તનમાંથી વચ્ચે ન ઊઠવું. કથામાં વાતચીત ન કરવી, મોડા આવ્યા હોઈએ તો પાછળ બેસવું પણ આગળ બેસવા પ્રયત્ન ન કરવો. ખાંસી થઈ હોય તો કથામાં બેસી વિઘ્ન ન કરવું. કથામાં ઉંઘવું એ પણ ઠીક નથી.

- આપણે કોઈ ઓટલા કે ખુરશી વગેરે ઉપર હોઈએ ને મોટા સાથે વાત કરવી હોય તો નીચે ઉતરીને વાત કરવી.

- મોટા સાથે વાત કરતાં ઊભા થઈને વાત કરવી. જો તે ઊભા હોય તો જરૂર ઊભા થવું. ગાડીમાંથી પણ નીચે ઉતરીને વાત કરવી.

- મોટેરા આવે ત્યારે ઊભા થઈ સ્વાગત કરવું. જાય ત્યારે દરવાજા કે ગાડી સુધી વળાવવા જવું.

- જમવા સમયે મોટાઓને આપણા હાથે પીરસવું. તેમના જમ્યા પછી કે સાથે જમવું.

- સભામાં કે જમવામાં યોગ્ય સ્થાને બેસવું કે જ્યાંથી કોઈ ઊઠવાનું કહે નહિ. અર્થાત્ પહેલેથી વડિલોની માટે જગ્યા રાખીને બેસવું.

- સભામાં વિવેક રાખવો, હસવા જેવી વાત હોય તો ધીમે ધીમે હસવું પણ અટહાસ્ય ન કરવું.

- વિદ્યા, વય અથવા અધિકારમાં મોટા હોય તેમની આગળ નમ્રતાથી ભાષણ કરવું.

- ગુરૂ, વડીલ અને શેઠના આસન જે ખુરશી, ગાદી કે પાટ તે ઉપર તેમની ગેરહાજરીમાં પણ ન બેસવું.

- રાજા, શ્રીમંત, બાળક, વૃદ્ધ, વિદ્વાન, સ્ત્રી, મૂર્ખ અને ગુરૂ એમની આગળ વિવાદ થાય તેવા પ્રકારનો ઉત્તર આપવો નહિ.

- જેના ઉપર ક્રોધ ઉપજે તેને આપણા ઈષ્ટદેવ જે ભગવાન શ્રી સ્વામિનારાયણ તેનો ભક્ત જાણીને તત્કાળ માન મૂકીને નમસ્કાર કરવા. વડીલ સાધુ હોય તો તેમને સાષ્ટાંગ દંડવત્ કરવા. સાંખ્યયોગી બાઈઓને પણ ક્રોધ ઉપજે તો કર્મયોગી સ્ત્રીઓને બેઠે થકે નમસ્કાર કરવા. એમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત એવા આપણે સર્વેએ ક્રોધ તથા માનનો સર્વપ્રકારે ત્યાગ કરવો.

આવી રીતે મોટેરાઓની સમીપે અનેક પ્રકારની નાની મોટી મર્યાદાઓ રાખવાની હોય છે.

### સમૈયાની મર્યાદા

- સમૈયામાં જઈએ છીએ ત્યારે 'ભગવાનને ભજવા અને સત્સંગની સેવા સહિત સંતસમાગમ કરવા આવ્યા છીએ' એમ માની આળસ તજી કથાવાર્તા-સભામાં હાજરી આપવી અને સત્સંગ કરી કલ્યાણકારી ગુણો મેળવવા, પણ જેમ મેળામાં ગયા હોઈએ તેમ બજારમાં ભટકી પૈસા ખર્ચી ખાલે ખાલી પાછા ઘેર ન આવવું.

- સમૈયામાં બીન જરૂરી વીજળીની બત્તી, પંખા કે પાણીની ચકલી ચાલુ ન રાખવી.

- દર્શન કરવા, જમવા કે સભામાં જઈએ ત્યારે એક પછી એક શાંતિથી જવું, પણ ધક્કામૂક્કી ન કરવી. સ્વયંસેવકની આજ્ઞાનું પાલન કરવું.

- રસ્તા વચ્ચે ઊભા રહી વાતચીત કરતાં ગીર્દી ન કરવી. વાતચીત કરવા અલાયદા એક બાજુ હઠી જવું, સભા કે કથામાં વાતચીત ન કરવી.

- સમૈયામાં હરિભક્તોનો સમૂહ વધારે હોય તેથી સહેજ પણ ગંદકી ન થાય તે જોવું. ગંદકી કરવાથી રોગચાળો વધે તેવી કોઈ ક્રિયાના ભાગીદાર આપણે ન થવું.

- ઉત્સવમાં જાહેર રસ્તામાં કચરો કે કેળાંની છાલ વિગેરે નાખવું નહિ. જો પડેલું હોય તો કચરાપેટીમાં અથવા યોગ્ય જગ્યાએ નાંખવું.

- કોઈની ખોવાયેલી વસ્તુ જડે તો પ્રયત્ન કરી તેના માલિકને પહોંચાડવી અગર સેવા સમિતિ કે કોઠારમાં અથવા કાર્યાલય ઓફિસમાં જમા કરાવવી.

- રસ્તામાં કાચના ટુકડા, ઈંટ, કાંટા કે અન્ય વિઘ્નરૂપ વસ્તુ દેખાય તો ખસેડી દેવી.

- ઉત્સવ માટે મંદિરમાંથી અથવા કોઈ હરિભક્ત પાસેથી લાવેલી વસ્તુ જેવી સ્થિતિમાં મળી હોય તેવી સ્થિતિમાં પરત પહોંચાડવી. ઉતારામાં રહિએ ત્યારે દિવસે ગાદલાં સંકેલીને યોગ્ય સ્થાને મૂકવા.

- ઉતારામાં સ્વચ્છતા રાખવી. જતી વખતે સાફ કરીને નીકળવું, કેમકે ફરી આપણે કે અન્ય હરિભક્તોએ જ રહેવાનું છે.

- યાત્રાએ આવીએ ત્યારે ગાંઠનું જમવું. મંદિરમાંથી સગવડ મળે ત્યારે તેની કિંમત ઠાકોરજીને ભેટ રૂપે આપવામાં આવે તો વાંધો નથી.

- સમૈયા વખતે આપણા સુખ સગવડ માટે સંતોને તથા કાર્યકર્તાઓને ત્રાસ થાય તેમ ન કરવું.

- નાના બાળકોનું જન સમૂહમાં ધ્યાન રાખવું, બાળકોને ઘરેણાં પહેરાવવા નહિ.

- ઉતારાની ભીંતો પર લીટા કે નામલખવા નહિ. એંઠવાડ નાખી મકાનની ભીંત બગાડવી નહિ.

- અન્ય હરિભક્તો સાથે પ્રેમથી વર્તન કરવું. નાની નાની વાતમાં કે પોતાના સ્વાર્થ ખાતર સ્વયંસેવક, સંતો કે અન્ય હરિભક્ત સાથે વાદવિવાદ કરી ઝગડો ન કરવો.

- ઉત્સવ સમૈયાની સભાના પ્રસંગે સભાસંચાલકે પ્રવચનકારના વક્તવ્યને બિરદાવવું, પણ તેનું વિશ્લેષણ ન કરવું કેમકે તેથી તો વક્તા અને શ્રોતાઓનું અપમાન થાય છે.

- આ રીતે સમૈયાની અન્ય મર્યાદાઓ પણ સમય અને પ્રસંગાનુસાર ઉચિત હોય તે પસંદ કરી શકાય છે.

(ક્રમશઃ)

દીકરીને દૂધપીતી કરવાનો રાક્ષસી ક્રૂર રિવાજ નાબૂદ કરવા માટે તત્કાલીન સમાજ સુધારકો જેવા કે રાજા રામમોહનરાય વગેરે તથા ભગવાન શ્રી સ્વામિનારાયણ-સહજાનંદ સ્વામીએ પણ કેટલો કેટલો દાખડો કરેલો છે તે તો જ્યારે ઈતિહાસના પાના તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો આજથી બસો વર્ષ પહેલાનો ઈતિહાસ વાંચીએ ત્યારે જ ખબર પડે - જે માટે હાલ સરધારમાં તૈયાર થયેલ શિખરબધ્ધ મંદિરને પણ અત્રેના ભક્તો રાજા તુંગજીત-વૈરજીતની વિનંતિ હોવા છતાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે તે સમયમાં બનાવવાનું મુલતવી રાખ્યું હતું, એકમાત્ર આ સમાજમાં પગપેસારો કરી ઘર ગયેલા કુરિવાજને દૂર કરવા માટે જ. આજના આધુનિક યુગમાં સમાજમાં પગ પગપેસારા કરી ગર્ભપાત(ભ્રુણહત્યા) કરાવાના રિવાજના દૂષણથી થતાં પાપકર્મથી બચવા 'મુઝે બચાવો' (ગીતા પ્રેસ) વિશેષાંકમાંથી સંકલિત લેખમાળા અહીં પ્રસ્તુત છે...

## ભારતીય સંસ્કૃતિના માતૃગૌરવની રક્ષા ઈચ્છતા અસંખ્ય સજ્જન-સંતહૃદયોનો એક જ...પોકાર...

# ભ્રુણ હત્યા એટલે જનેતા-સ્ત્રીના માતૃત્વભાવનું ખૂન...!!!

■ સ્વામી આનંદસ્વરૂપદાસજી - સરધાર
■ સાધુ યોગેશ્વરદાસ - સરધાર

ગતાંકથી આગળ...

માના વાત્સલ્યની શી વાત કરું?

પેલો માણેકચંદ શેઠ ! લેણા પેટે નીકળતા ચારસો રૂપિયાના બદલામાં ખેડૂતની ગાય લીધી. તાણીને ઘેર લઈ જઈને બાંધી. પરંતુ તેની વાછડી ન લીધી. કેમકે તેના રૂપિયા જુદા દેવા પડે તેમહતા. આખી રાત વાછડી "મા... મા..." કરતી કરુણ સ્વરે ભાંભરતી રહી. ખેડૂત મધરાતે શેઠ પાસે ગયો. કરગરીને કહેવા લાગ્યો : "વાછડી પણ તમે મફતમાં રાખી લો. આ વાછડીને ગાય સાથે રહેવા દ્યો."

શેઠ ન માન્યો. હઠે ચડ્યો'તો.

સવારે બંનેની લાશ પડી. ગાય અને વાછડીની. એકબીજાના વિરહના આઘાતમાંસ્તો...!!!

આજે માતાના હૈયે રહેલા માતૃત્વના ઝરણાં.

માતાનું વાત્સલ્ય કોના જેવું ? તેનો જવાબ એક જ આપી શકાય કે, માતાના વાત્સલ્ય જેવું. આની ઉપમા ન જડે. વડીલોના સાંસારિક જીવનનું સ્વર્ગ બાળકો છે. એક મોમીન છે, જેમાં લખ્યું છે કે બાળકના એક સ્મિત ઉપર લાખો સ્વર્ગ કુરબાન છે.

અંગ્રેજીમાં લખ્યું છે કે, બાળકમાં ઈશ્વર કરતાંય અધિક પવિત્રતા તેનામાં છે. આ ધરતીનું બાળ નામનું બેપગું પ્રાણી એની માવડીને તો શું પણ ભલભલા ઉપર મોહિની ફેંકનારું છે. ભલભલા કઠોર માણસો તેની સામે બરફ જેમપીગળી જતાં હોય છે.

જ્યારથી ભારતીય પ્રજાએ મોક્ષનું લક્ષ અને સદાચારનો પક્ષ ગુમાવ્યો ત્યારથી તેની બધા ક્ષેત્રે પનોતી બેઠી છે. મુખ્યત્વે તે ક્રમશઃ ઈન્સાન, મહાન અને સત્પુરુષ બનવાની ટ્રેકથી ઊથલી પડીને હેવાન અને શેતાન બનવાની ટ્રેક ઉપર ચડીને દોડવા લાગ્યો છે.

નારી અને પોતાના દેહ આ બંનેની વિષય લંપટતા આકાશને આંબી છે.

આ ગર્ભપાતની સમસ્યાએ સારા વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. ભારત વર્ષમાં પણ આ ઘૃણિત હિંસાનું તાંડવ નિત્ય પ્રત્યે વધતું જઈ રહ્યું છે. ગર્ભપાત દ્વારા માસુમબાળકની હત્યા અણુબોમ્બના હુમલાથી ન્યૂન નથી. આજ સુધી આ ધરતી પર બે વિશ્વયુદ્ધ થયા છે. એ વિશ્વયુદ્ધમાં હજારો મનુષ્યોની હિંસા થઈ, એ વર્તમાનના ગર્ભપાત દ્વારા થઈ રહી હિંસાના બરાબરીમાં નગણ્ય છે.

**भारत जैसे पवित्र देशमे गर्भपात की संख्या का अनुमान इस बात से लगाया जा सकता है की गर्भपात से इतनी हत्या होती है जिससे राजस्थान जैसे प्रदेश समाप्त हो सकते है ।**

ભૌતિક સુખોની વધતી જતી ઉત્તરોતર આસક્તિએ મનુષ્યને અંધ બનાવી દીધો છે કે પોતાના જ અજન્મશિશુની ગર્ભપાત દ્વારા હત્યા કરતો થયો છે. ગર્ભપાતની સંખ્યામાં થઈ રહી નિરંતર વૃદ્ધિ સમાજની સામે એક ગંભીર સમસ્યા બની ગઈ છે. આ ક્રૂર કૃત્યને કારણે મનુષ્યો અશાંતિ, માનસિક સંતાપ આદિક અનેક ભયાનક દુષ્પરિણામોના શિકાર બની ગયા છે. માતાઓ જ્યાં એક ગર્ભપાતના ક્રૂર કૃત્યોથી પોતાના પ્રિય સંતાનને ખોઈ બેસે છે. જ્યાં બીજી બાજુ પોતાના માનસિક તથા શારીરિક સ્વાસ્થ્ય સાથે પણ વૈર બાંધે છે. એમનું શરીર અનેક રોગોનું એક મ્યુઝિયમબની જાય છે. અધિકાંશ મહિલાઓ ગર્ભપાત પછી બીજીવાર માતા બની શકતી નથી. આજીવન વાંઝિયાપણાનો શિકાર બની જાય છે.

ગર્ભપાતની સમસ્યા આજે એટલી વિસ્ફોટ અને ભયાનક બની છે કે જો શિક્ષિત સમાજ સંત-મહાત્માઓ તથા સમાજસુધારકો ધ્યાન નહિ આપે તો

અસંખ્ય અબોધ, નિરપરાધ બાળક પોતાના જ જન્મદાતા માતા-પિતા દ્વારા ગર્ભમાં જ કાળનો કોળિયો બનતા જશે.

વિજ્ઞાનનો વિસ્ફોટ અર્થાત્ ધ્વનિ તરંગો દ્વારા ચિત્રણ-ઉપકરણથી ગર્ભસ્થ બાળકની તપાસ સીટોલૉજી, હિસ્ટ્રોસ્કોપી, રેડિયો ઈમ્યુનો, કેમેસ્ટ્રી વગેરે કેટલાક યંત્રોને કારણે થયો છે. પરંતુ ધર્મશાસ્ત્રોને અનુસારે બે મહિનાનો કાચો ગર્ભ બાળક છે કે બાળકી એની ખબર સુધા પડી શકતી નથી. વિજ્ઞાન માથું કૂટે તો પણ બે મહિનાના ગર્ભનું લીંગ નિર્ધારણ કરી શકતું નથી. પરંતુ રૂપિયાના લોભે મહિલા ડૉક્ટર મહિલાને કન્યા છે એવી આગાહી આપી ગર્ભપાત કરાવી દે છે.



चित्र—गर्भपातकी चूषण एवं निष्कासन (Suction & Evacuation) विधि

**यह कैसी विडम्बना है कि आज एक पढी-लिखी महिला चिकित्सक ही अपनी ही स्त्री जाति के गर्भ मे पल रही निरपराध कन्या-भ्रूण की हत्या बडी ही निर्दयता के साथ कर रही है । यदि स्त्रीजाति का ही स्त्रीजाति के साथ अमानवीय व्यवहार है तो दुसरे क्या उम्मीद की जा सकती है ।**

ગર્ભપાત સક્શન ટ્યુબ નામના ઉપકરણથી થાય છે. જેને 'ખેંચવાવાળું ઉપકરણ' પણ કહેવાય છે. આ સક્શન ટ્યુબની નળી ગર્ભસ્થ બાળકના શરીરના ટૂકડેટૂકડા કરી નાંખે છે. આ ટૂકડા એક એક કરીને અલગ કરવામાં આવે છે. આ ક્રિયા ત્યાં સુધી ચાલે છે જ્યાં સુધી બાળકનું માથું બાકી રહે. આ ઉપકરણ દ્વારા બાળકનું માથું બહાર નીકાળી શકાતું નથી. કારણ કે નળી કરતાં બાળકનું માથું મોટું હોય છે. માથાનાં ટૂકડા કરવા માટે ચિમટી નામના યંત્રનો ઉપયોગ થાય છે. જે ગર્ભાશયમાં બાકી રહેલું બાળકનું માથું ચિમટી જેવા યંત્રોથી પકડી, માથાના નાના-નાના ટૂકડા કરી એને બહાર કાઢવામાં આવે છે. આવી રીતે ગર્ભપાતની ક્રિયા સમાપ્ત થાય છે. ગર્ભમાં રહેલ બાળકનાં અંગોને કાપી કાપીને જ્યારે બહાર કાઢવામાં આવે છે ત્યારે એની પીડા તો -

**भुक्त भोगी ही जान शकता है... काश ! गर्भस्थ शिशु बोल पाता ! हाथ तोडते समय, पैर काटते समय, व गर्दन उडाते समय होनेवाली वेदना वह शिशु जानता है माँ तो नहि !**

આવી રીતે અનેક પ્રક્રિયાથી ગર્ભનો નાશ કરવામાં આવે છે.

જેમકે, પહેલા બાર અઠવાડિયામાં ૧. ચૂષણ-નિષ્કાસન વિધિ. ૨. ફૈલાવ નિષ્કાસન વિધિ. ૩. પ્રોસ્ટાગ્લેણ્ડિન્સ વિધિ. તેમજ બાર થી વીસ અઠવાડિયામાં ૧. અતિ સાન્દ્ર લવણ અથવા એમકેડિલ. ૨. પ્રોસ્ટાગ્લેણ્ડિન્સ. ૩. ઓક્સીટોસિન. ૪. હિસ્ટરોટોમી (મિનિ સિજેરિયન) વગેરે...


चित्र—फैलाव एवं निष्कासन (Dialatation & Curettage-D & C) द्वारा गर्भपात

૧. ચૂષણ-નિષ્કાસન વિધિ (Suction Evacuation) :- આ વિધિમાં એક પ્લાસ્ટિકની અથવા ધાતુની બનેલી નળી ગર્ભાશયમાં નાંખી એક ચૂષણ મશીનથી ચૂસવાની ક્રિયા કરવામાં આવે છે. આ ક્રિયાથી ગર્ભમાં રહેલ બાળક નળી દ્વારા મશીનમાં આવી જાય છે. આ વિધિમાં મશીન બાળકને એવી રીતે બહાર કાઢે છે કે, જેવી રીતે મશીન દ્વારા કાદવ-કીચડને બહાર કાઢવામાં આવે છે. જેમાં ભ્રૂણ તડપી તડપીને મરી જાય છે. અને ટૂકડેટૂકડા થઈને એક જારામાં એકઠા થઈ જાય છે.

૨. ફેલાવ નિષ્કાસન વિધિ (Dialation & Curettage D. & C.) :- આ વિધિ સર્વાધિક પ્રચલિત છે. આ વિધિમાં પહેલા ગર્ભાશયના મુખને હેગાર ડાયલેટર અથવા લેમિનેરિયા ટૈન્ટ દ્વારા પહોળું કરવામાં આવે છે. પછી ગર્ભમાં રહેલા બાળકના અંગોને તોડી તોડીને બહાર કાઢે છે. આ ઓપરેશન માતાને માટે પણ ખતરનાક સાબિત થાય છે.

૩. પ્રોસ્ટાગ્લેણ્ડિન્સ વિધિ (Prostaglandins) :- આ દવા ગોળીના રૂપમાં ખાવાથી અથવા ઈંજેક્શન લેવાથી ગર્ભાશય તીવ્રતાથી સંકોચિત થઈ જાય છે. એનાથી ગર્ભમાં રહેલ બાળકનું અપરા અથવા અવલ (પ્લેસેન્ટા) ગર્ભાશયની દિવાલથી અલગ થઈ જાય છે. તેથી ગર્ભમાં રહેલ બાળકની લોહીની નસો રુંધાય જાય છે. તેથી બાળક તડપી તડપીને મૃત્યુ પામે છે. આ વિધિમાં ક્યારેક ગર્ભાશય ફાટી જાય છે, એનાથી માતાનું પણ તુરંત મૃત્યુ થાય છે.

૧. અતિ સાન્દ્ર લવણ અથવા એમક્રેડિલ (Hypertonic Saline or Emcradil) :- આ વિધિમાં લાંબી સોયવાળું ઈંજેક્શન માતાના પેટમાં મારી ગર્ભાશયમાં અતિ સાન્દ્ર અથવા એમક્રેડિલ નામનું રસાયણ નાંખવામાં આવે છે. આ દવાના પ્રભાવથી બાળક ગર્ભાશયની અંદર જ તડપીને મૃત્યુ પામે છે. આ રસાયણથી ગર્ભાશયમાં અતિશય દબાવ ઉત્પન્ન થાય છે. જેથી મૃત બાળક ગર્ભાશયની બહાર આવી જાય છે.

૨. પ્રોસ્ટાગ્લેણ્ડિન્સ (Prostaglandins) :- આ દવા નળી દ્વારા ગર્ભાશયમાં નાંખવામાં આવે છે. જેનાથી ગર્ભમાં રહેલું બાળક અચાનક બહાર આવી તડપી તડપીને મરી જાય છે.

૩. ઓક્સીટોસિન (Oxytoxin) :- આ દવા ઈંજેક્શનના રૂપમાં ઉપયોગ કરવાથી ગર્ભાશય સંકોચિત થઈ જાય છે. જેથી બાળક પોતાના સ્થાનથી વિસ્થાપિત થઈ જાય છે. પછી ગર્ભાશય બાળકને બહાર ધકેલી આપે છે.

૪. હિસ્ટરોટોમી (Hysterotomy) :- આ વિધિમાં બાળકને સિઝેરિયન સેક્શનની સમાન ઓપરેશન કરી બહાર કાઢે છે.

ઉપર કહેલી ચારેય વિધિમાં બાળક સંપૂર્ણ રૂપમાં બહાર આવી જાય છે. બહાર આવી જેમમાછલી પાણી વગર તડપે છે બસ એની જેમબાળક ભૂમિઉપર ઊછળી ઊછળી પ્રાણનો ત્યાગ કરે છે.

આ બધી પ્રક્રિયાઓમાં જીવતું બાળક જ મરે છે. પણ આજે ડૉકટરો ધનના લોભે સરાસર અસત્ય બોલે છે કે, ગર્ભમાં જીવનો પ્રવેશ હોતો નથી એ તો કેવળ માંસનો પિંડો જ હોય છે. પરંતુ જ્યારે માતાને ખબર પડે છે કે, હું ગર્ભવતી બની છું ત્યાં સુધીમાં તો ગર્ભમાં રહેલું બાળકનું હૃદય ધબકતું હોય છે. એટલા માટે અર્બોશન(ગર્ભપાત) એક જીવીત પ્રાણીની હત્યા અનિવાર્ય છે. હવે તો સુક્ષ્મસંશોધન બાદ એ વાત સિદ્ધ થઈ ચૂકી છે કે, નવ માસની પહેલી મિનિટથી જ માતાના પેટમાં વિકસતા ગર્ભમાં જીવતત્ત્વ હોય છે. 'ધી સાયલન્ટ સ્ક્રીમ' નામની વિડીયો ફિલ્મમાં આ વસ્તુ સ્પષ્ટ રીતે સાબિત કરી આપી છે.

અર્બોશન (ગર્ભપાત) કરાવવાવાળાં માતા-પિતા જ્યારે અર્બોશન કરતાં કોઈને જોઈ લે છે ત્યારે એને ખબર પડે કે કેવી રીતે એક જીવીત પ્રાણીને ટુકડે-ટુકડા કરીને કાઢવામાં આવે છે. ક્યારે હાથ નીકળે છે, ક્યારે પગ નીકળે છે, ક્યારે આંખ નીકળે છે. અંતમાં આ કાર્ય કરવાવાળો ખાટકી ડૉકટર નીકળેલા અંગોને ફરીને જોવે છે કે કોઈ અંગ તો અંદર રહી તો નથી ગયું ને...?

આવી રીતે અતિ નિર્મમતા અને નિર્દયતાની સાથે યાતના દઈને ગર્ભસ્થ શિશુની હત્યા કરવામાં આવે છે. આ બિભત્સ તરીકાની માતાને જો ખબર પડે તો તે ક્યારેય અર્બોશન (ગર્ભપાત) કરવા તૈયાર ન થાય.

अपनी ही सन्तान को इस प्रकार मरवा देनेवाली नारी व उसके कारतुतोके लिए कौनसा शब्द इस्तेमाल किया जाय- समझमें नहि आता । विषय भोगकी सुविधा के लिए स्वार्थमें अन्धे होकर अपनी अजन्मी संतानको गर्भमें ही मार डालने वाले माता-पितातो साक्षात प्रेत और पिशाच ही है । एक निरपराध गर्भस्थ शिशुको चाकुओसे काट-काटकर उसके मांस एवं खुनको अस्पतालकी नालियोमें बहा देना कौन सा मातृत्व है । यह कैसी मानवता है ? अपने शिशुकी उम्रकी गणनाका मापदंड बदलना ही होगा । आजसे अपने बच्चेका जन्मदिन मनाते समय उसकी आयुं एक साल नव महिने (गर्भवास की अधिक) बतानी पडेगी । बहुत कम लोग जानते है कि हमारा जीवन जन्मकी घडीसे नहि गर्भस्थापनकी घडीसे प्रारम्भ होता है ।

જીવન લેવાનો અધિકાર એક પરમાત્માનો જ છે, જેણે એમનું સર્જન કર્યું છે. ભગવાન વિના કોઈનો પણ; એ પછી મા હોય કે બાપ હોય, ડૉકટર હોય કે સંસ્થા, સંમેલન હોય કે પછી સરકાર, ગર્ભપાતથી

જીવન છીનવી લેવાનો કોઈનો પણ અધિકાર નથી.

નારીની પૂર્ણતા મા બનવામાં જ છે. એ મમતામયી જનની છે. મમતાને સુરક્ષિત રાખવું એ નારીનું પ્રથમકર્તવ્ય છે. माताओको अपनी अजन्मी सन्तानकी रक्षा हेतुं समाजके सारे बन्धनोको तोडकर सामने आना होगा । लोग गर्भ-परिक्षण करवाते है और गर्भमें कन्या हो तो उसका गर्भपात करवा देते है । क्या यह नारीजातिका समान अधिकार देता है ? क्या यह नारीजातिका सन्मान है ? संतति निरोधके द्वारा नारीके मातृत्ववरूपको नष्ट करके उसको केवल भोग्य बनाया जा रहा है । भोग्य स्त्री तो वेश्या होती है यह नारीजातिका कितना बडा अपमान है ।

સંતતિ નિરોધના મૂળમાં એક માત્ર સુખ-ભોગની ઈચ્છા જ છે. પોતાનું સંતાન એટલા માટે ગમતું નથી કે તે પોતાનું સુખ-ભોગમાં નડતર રૂપ છે. તો પછી પોતાના મા-બાપ કે ભાઈ-બહેન તો ક્યાંથી ગમવાના!

ગર્ભમાં રહેલું બાળક પોતાને બચાવવાનો કોઈ ઉપાય કરી નથી શકતું અને પ્રતિકાર પણ નથી કરી શકતું. પોતાની રક્ષા માટે પોકાર પણ નથી કરી શકતું. એમનો કોઈ અપરાધ અથવા કસુર પણ નથી. આવી સ્થિતિમાં એક નિર્બળ, અસહાય, નિરપરાધ, નિર્દોષ, મૂક શિશુની હત્યા કરવી એ મહાપાપ છે. યાદ રાખો, ગર્ભપાતને રોકવામાં નહિ આવે તો આવતી કાલનો બાળક માતા-પિતાને સાફ કહી દેશે : ''તમે મને જન્મઆપીને કાંઈ ઉપકાર નથી કર્યો. એ તો વિષય ભોગવતા અનાયાસે અમારો જન્મથઈ ગયો છે.''

કન્યા ઉપર તો ખાટકી-કસાઈ પણ દયા કરે છે. કન્યા ભ્રૂણના હત્યારાઓ તો ખાટકી-કસાઈથી પણ ક્રૂર છે. सोचो तुम अपनी गर्भस्थ कन्याके सहारे नहि बने तो तुम्हारा कुलदिपक तुम्हारा सहारा क्यों बनेगा ? પાર્વતી, સીતા, સાવિત્રી, અનસુયા વગેરે માતાઓએ પોતાના પિતૃકુળના યશને ચાર ચાંદ લગાવી દીધા છે. कौन कह सकता है कि बेटे ही नाम रोशन करेगें बेटियाँ नही, અભાગે માતા-પિતાઓ ! फिर किस लोभमें भ्रूण हत्या करके गर्भमें ही कन्याओका गला घोंट रहे हो । कसूर (असंयम) तो खुद करते हो पर हत्या बेकसूर गर्भकी करते हो यह कितना बडा अन्याय है । कोई भी बच्चा नाजायज (अनुचित) नहि होता नाजायज होते है उसके माँ-बाप !

ઓ, મમ્મી! ઓ, પપ્પા!

હું તમારે બેબલી...

સ્વર્ગમાંથી બોલી રહી છું.

હમણાં જ દસ મિનિટ પૂર્વે તમે મને પેટમાં મારી નાંખી... કેમ, ખરું છે ને?

પણ તમે બહુ સારું કર્યું.

હવે હું જ તમને કહીશ કે સારું થયું તમે મને મારી નાંખી.

જુઓ, વિગતથી વાત કરું.

મમ્મી ! જો તે મને પેટમાં મારી નાંખી ન હોત તો મારો જન્મથાત. પછી હું મોટી થાત. મને ખબર છે કે મારો એક ભાઈ પૂર્વે જન્મી ગયો છે.

હવે અમે બે રમતાં લડી પડ્યા હોત તો પપ્પા ! મમ્મી ! સાચું કહો તમે કોનો પક્ષ લેત ? કોને બે તમાચા મારી દેત ? મને જ ને ? હા.... મને જ. એટલે જ કહું છું કે એવા માર ખાવા કરતાં સારું થયું તમે મને મારી નાંખી.

વળી જો ભણવામાં હું હોશિયાર નીકળત અને મારો ભાઈ નબળો નીકળત તો તમને મારી ઉપર કેટલો ગુસ્સો ચડત ! ફરવા જવાના સમયે મમ્મી ! તું કોને સારા મજાનાં કપડાં, બુટ વગેરે આપત ? મને તો તું વાતે વાતે ગાળો જ દેતી હોત ને ?

આવું બધું મારે સહેવું પડે તે કરતાં તો સારું થયું તમે મને મારી નાંખી.

અને છેલ્લી વાત કરું, મારા લગ્નપ્રસંગની...

દહેજ વગેરેના કારણે, મારા માટે ઘરેણાં કરવા પડે તે કારણ, મને મોંઘાદાટ સાડલા દેવાની તમને ફરજ પડવાના કારણે તમે મારા તરફ કેવી નફરત કરતાં હોત ! એથી હું કેટલી હેરાન થતી હોત!

હાશ ! સારું થયું કે તમે બે જણે ભેગા થઈને ડૉક્ટર પાસે ટુકડે ટુકડામાં કપાવી નાંખીને મને મારી નાંખી.

જાઉં છું, પપ્પા ! જાઉં છું, મમ્મી !

ખૂબ આનંદમાં રહેજો.

વળી મારા જેવી બેબલીઓ ઘરે આવે તો આ રીતે જ તેમના ટુકડા કરીને કાપી નાંખજો ! જાનથી મારી નાંખજો.

એ રીતે પણ તમે સુખી થતા હો તો !

અમને જાનથી મારીને ય તમે સુખી થતાં હો તો મા-બાપનાં ઉપકારોનો બદલો તો વળશે ને ?

આ પ્રમાણે અનેક જન્મના અંતે ભવસાગરને તરવા માટે ચિંતામણિ તુલ્ય મનુષ્યદેહને પામેલો જીવાત્મા પણ દીર્ઘકાલીન દુઃખથી તો વિરામનહિ જ પામીને ફક્ત ગર્ભવાસ દુઃખ અને સ્વહત્યાના દુઃખને એમબેવડા દુઃખને અનુભવીને નિરાશ વદને જ માતાના ઉદરમાંથી જ વિદાય લે છે - માત્ર પોતે જન્મધારણ કરવા આશરેલા માતાપિતાના જ ઘોર રાક્ષસી કૃત્યથી...!!!

અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ

આ ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય વાણી પાને પાને ઝળહળી રહેલી છે. સામાન્ય સિદ્ધાંત (શાસ્ત્રીય સમજણ) ને મુખ્ય સિદ્ધાંત (એકાંતિકની સમજણ)નો વિવેક અને ષડ્અંગી સંપ્રદાયનો મહિમા સંપ્રદાયના માન્ય શાસ્ત્રોના આધારે આ ગ્રંથમાં દર્શાવ્યામાં આવ્યો છે. તેમજ મુમુક્ષુને આત્યંતિક કલ્યાણના માર્ગમાં જે ભયસ્થાનો અને તેમાં આવતાં વિઘ્નોનું શાસ્ત્રીય સિદ્ધાંતીક રીતે સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. તેથી જ તો આ ગ્રંથના શ્રવણ-મનન-નિદિધ્યાસથી મુમુક્ષુમાત્રને 'આત્યંતિક કલ્યાણ'ના માર્ગમાં ચાલવાની અભિરુચિ ઉત્પન્ન થશે તે નિર્વિવાદ સત્ય છે. અક્ષરશઃ આ ગ્રંથ અહીં પ્રસ્તુત છે.

**ભગવાન શ્રી સ્વામિનારાયણે બે વખત દિવ્ય દર્શન દઈ જેમાં સર્વોપરી ઉપાસના અને અણિશુદ્ધ આજ્ઞાનું પ્રતિપાદન થતું હોય તેવો ગ્રંથ રચવાની આજ્ઞા કરી હતી એવો ગ્રંથ**

# આત્યંતિક કલ્યાણ

■ સદ્‌ગુરુ સ્વામી શ્રી નંદકિશોરદાસજી – ભૂજ

સર્વ અવતારના અવતારી પુરુષોત્તમનારાયણ જ્યારે સ્વયં આ પૃથ્વી પર પધારે ત્યારે તો જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાની એમની રીત જુદી હોય. એ તો પાત્રતા જોયા વગર કેવળ કૃપામય સંકલ્પથી જ જીવોનાં કલ્યાણ કરે છે.

વળી કહ્યું છેઃ- "....જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનના દર્શનતુલ્ય છે અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે...."[૩૯] પ્રકટ ભગવાનનાં કે એમના એકાંતિક ભક્તનાં દર્શન કરે કે એમનું નામોચ્ચારણ કરે તથા એ ભગવાનની લીલાનું ચિંતવન કરે તે સર્વે પરમધામપામે એવા સર્વજીવહિતાવહ ઉદ્દેશથી હમેશાં નવા નવા આત્યંતિક કલ્યાણા ઉપાયો પોતે હાથ ધરતા. તે કહ્યું છે :-

"એહ અર્થે કરે છે ઉપાય રે, નિત્ય નવા નવા મનમાંય રે;
જાણે સૌ જન દર્શન કરે રે, ભાવ-અભાવે નામઓચરે રે.
લેતાં સ્વામિનારાયણ નામરે, થાયે પ્રાણી તે પૂરણકામરે;
લેશે નામનીરખશે નેણે રે, પરમપ્રાપ્તિ પામશે તેણે રે.
માટે મોટા ઉત્સવ-સમૈયા રે, કરું જાયે નહિ કેણે કૈયા રે;
પછી ફૂલદોલ રામનૌમી રે, પ્રબોધની એકાદશી સૌમી રે.
તે દિ' આવે લાખો લેખે જન રે, કરે મહાપ્રભુનાં દર્શન રે;
જુએ સભા સામું સુખકંદ રે, અમૃતદૃષ્ટિએ આપે આનંદ રે.
સહુ જનતણા તાપ હરે રે, સુખ-શાંતિ અંતરમાં કરે રે;
સહુ સુખિયા થઈ જન મને રે, જાય પોતપોતાને ભુવને રે.
રાત્યદિ' સાંભરે સ્વામી સંત રે, તેણે રાજી રહે છે અત્યંત રે;
કરતાં એ લીલાનું ચિંતવન રે, તેણે પામે પરમધામજન રે.
એવા સમૈયા વર્ષોવર્ષ રે, કરે એક-બીજાથી સરસ રે;
તેમાં કૈંક પૂજે, કૈંક સ્પર્શે રે, સૌને આનંદના ઘન વરસે રે.
નિત્ય નવી કરે નાથ લીલા રે, ત્યાગી ગૃહી કરી બહુ ભેળા રે;
સંત બહુ સંન્યાસી સમોહ રે, જેને કામ, લોભ નહિ મોહ રે.
જોઈ એવાને જગતના જન રે, સહુ કે'છે કરી ધન્ય ધન્ય રે;
સંત શ્રીહરિને દર્શને રે, પામે મહામોટો આનંદ મને રે.
એવા જન જગતમાં જેહ રે, પામ્યા અક્ષરધામને તેહ રે;
એવો કર્યો મોટો ઉપકાર રે, બહુ જીવ કરવા ભવપાર રે."[૪૦]

'કોઈને દુઃખિયો રે દેખી ન ખમાય' એવા શ્રીસ્વામિનારાયણ ભગવાને નરકના કુંડમાં પીડાતા નારકી જીવોનો પોતાના સમાધિનિષ્ઠ સંત દ્વારા ઉદ્ધાર કરી ભૂમાપુરુષના ધામમાં મોકલાવી આપ્યા. એક સમયે શ્રીસ્વામિનારાયણ ભગવાન કાઠિયાવાડ-સૌરાષ્ટ્રમાં આવેલા કાલવાણી ગામની જાહેર સભામાં વિરાજમાન હતા ત્યારે ભીમભાઈ નામના એક ભક્તે તેમને પ્રાર્થના કરતાં કહ્યું, 'હે મહારાજ, ચક્રવર્તી રાજા ગાદી-નશીન થાય ત્યારે બંદીવાનોને છોડી મૂકે છે; તો આપનો પટ્ટાભિષેક થયો છતાં નરકના કુંડમાં



નારકી જીવો પીડાયા કરે છે માટે તે સર્વને બંધનમુક્ત કરો. આપ તો સર્વ અવતારના અવતારી છો-ચક્રવર્તી પદે છો માટે કૃપા કરી આ સંતોમાંથી કોઈકને જમપુરીમાં મોકલી નારકી જીવોને છોડી મૂકો.' ભક્તની આવી પ્રાર્થના સાંભળી શ્રીસ્વામિનારાયણ ભગવાને સંતોની સભામાંથી એક સિદ્ધમુક્ત સ્વરૂપાનંદ સ્વામીને યમપુરીમાં જઈ નારકી જીવોને મુક્તિ આપવાનો આદેશ કર્યો. એ સમાધિનિષ્ઠ સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાં યમપુરી ગયા. ત્યાં નારકી જીવોની પીડાથી પીગળી જતાં-દયા આવતાં- 'સ્વામિનારાયણ'નું નામઉચ્ચાર્યું તથા નારકી જીવો પાસે સ્વામિનારાયણ નામની ધૂન કરાવી કે તરત જ તે સર્વે નારકી જીવોનાં ચતુર્ભુજ સ્વરૂપ થઈ ગયાં ને સ્વરૂપાનંદ સ્વામીએ તેમને ભૂમાપુરુષના ધામમાં મોકલાવી આપ્યા. આ કથાનકને અનાદિ મુક્ત સ. ગુ. મુક્તાનંદ સ્વામીએ પદ્યરૂપે ગૂંથી લીધેલ છે. તે ગાયું છે :-

પોતે પરબ્રહ્મ રે સ્વામી સઅજાનંદ
નારાયણ પ્રબળ પ્રતાપ છે–ટેક૦
સ્વામિનારાયણ મુખે ઉચ્ચરે,
તેને જન્મમરણ–જમનો ભય જાય. નારાયણ૦ ૧
સરવે નરકના કુંડ ખાલી થયા,
ભૂખ્યા જમગણ રે કર ઘસી પસ્તાય નારાયણ૦ ૨
પામ્યા અનંત જીવ હરિધામને,
તેની ગણના રે કે'તાં શેષ લજાય. નારાયણ૦ ૩
મુક્તાનંદ કહે મહિમા અતિઘણો,
તેને એક મુખે રે કવિ કેટલોક ગાય ? નારાયણ૦ ૪

અનાદિમુક્ત સ૦ ગુ૦ નિષ્કુળાનંદ સ્વામીએ પણ ગાયું છે :-

"બંધ થઈ ગયાં બીજાં બાર રે, પરમપદ પામ્યાં નર–નાર રે;
જીવ સંયમની[૪૧] એ શીદ જાય રે ? પ્રકટ પ્રભુ છે પૃથ્વીમાંય રે.
આજ સિક્કો સહજાનંદ તણો રે, બેઠો બળવંત બળિયાનો ઘણો રે;
જ્યારે પ્રકટિયા પ્રભુ પોતે રે, જોયા નજરે આવ્યા જીવ જોતે રે.
સ્વર્ગ, મર્ત્યલોક ને પાતાળ રે, દીઠા તેને દુ:ખિયા દયાળ રે;
તેને છોડાવ્યા બંધથી છેક રે, ગયા એ પણ ધામે અનેક રે.
બેસે રાજા ગાદી પર કોય રે, છોડે બંદીવાનના બંધ સોય રે;
તેમબંધથી છોડ્યા બહુ જન રે, પોતે પ્રકટી શ્રીભગવન રે.
મહા મોટો પ્રતાપ પ્રકટાવી રે, રીત નૌતમન્યારી ચલાવી રે;
જેને ઉપર નહિ બીજો કોય રે, તે તો જેમકરે તેમહોય રે.
સૌના નાથ નિયંતા સ્વામી રે, સૌ ધામતણા પણ ધામી રે;
તે તો અઢળક આજ ઢળિયા રે, થયા સુખી જન જેને મળિયા રે."[૪૨]

સર્વ અવતારના અવતારી પુરુષોત્તમનારાયણ જ્યારે સ્વયં આ પૃથ્વી પર પધારે ત્યારે તો જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાની એમની રીત જુદી હોય. એ તો પાત્રતા જોયા વગર કેવળ કૃપામય સંકલ્પથી જ જીવોનાં કલ્યાણ કરે છે. તે કહ્યું છે :-

"પુરુષોત્તમપોતે પધારે, તેની રીત જુદી હોય ત્યારે;
નહિ ભક્ત અભક્ત પ્રમાણ, કરે સંકલ્પથી જ કલ્યાણ.
તેના સેવક સંકલ્પ કરે, એથી પણ બહુ જીવ ઉદ્ધરે;
અવતાર ને અવતારી, એની એટલી રીત છે ન્યારી."[૪૩]

શ્રીસ્વામિનારાયણ ભગવાને જેમપોતાના ને પોતાના એકાંતિક ભક્તોના દર્શનથી જીવોને અભય કર્યા તેમસ્પર્શથી પણ કર્યા. જે પૃથ્વીનો પોતે સ્પર્શ કર્યો તેનાં અણુએ અણુ કલ્યાણકારી થયાં. જે જે સ્થાનકમાં-ગામમાં કે શહેરમાં પોતે પોતાના મુક્તસમાજ સાથે વિચર્યા કે જ્યાં પોતે નિવાસ કર્યો તે બધું અક્ષરધામતુલ્ય થઈ ગયું. એ સ્થાનમાં જે પ્રાણધારીનો પ્રાણ છૂટે તેને પણ અક્ષરધામની પ્રાપ્તિ થાય. તે કહ્યું છે :-

"પદરજના સ્પર્શ પ્રતાપે રે, જન અભય થયા છે આપે રે.
એહ ભૂમિકાનાં ભાગ્ય ભારી રે, થઈ ધામરૂપ સુખકારી રે;
એહ પૃથ્વી પર તજે પ્રાણ રે, તે તો પામે પદે નિરવાણ રે."

વળી જે નદી, નદ, વાવ, કૂવા, કુંડ, તળાવ, સરોવર કે સમુદ્રનું જળ શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા એમના મુક્તોના સ્પર્શવાળું થયું-જેમાં ભગવાન ને મુક્તોએ સ્નાન કર્યું તે સર્વે તીર્થરૂપ ને કલ્યાણકારી થયાં. તેવાં તીર્થસ્થળોના સમીપમાં કે તટે કોઈ જીવ મૃત્યુ પામે તો પણ તેની સદ્‌ગતિ થાય-તેવાં જળાશયો ઉપરથી પંખી ઊડે તેમજ તેમાં જે જળજંતુ હોય તે સર્વે પરમપદનાં અધિકારી થાય છે. તેવી રીતે જે બાગ-બગીચા કે ફૂલવાડી-વૃક્ષ, વેલી, ઝાડ કે વન શ્રીસ્વામિનારાયણ ભગવાનના સ્પર્શવાળાં થયાં-જ્યાં એ સ્વયં વિરાજમાન થયા તે સર્વ તીર્થરૂપ કહેવાયાં. તીર્થો તો પરોક્ષમાં અનેક છે પરંતુ જે પ્રકટ ભગવાન કે એમના મુક્તોના સંબંધથી તીર્થપણાને પામ્યાં છે એ તો 'તીર્થરાજ' કહેવાય છે. તે કહ્યું છે :-

"સર્વે ધામનાં ધામએ થિયાં રે, રહ્યા સંત સહિત અમે જિયાં રે;
બીજાં તીર્થ, ધામબહુ કા'વે રે, પણ અમે રહ્યા તે તુલ્ય નાવે રે.
કાં જે પામ્યા અમારો પ્રસંગ રે, તેને તુલ્ય આવે કેમગંગ રે ?
એને સ્પર્શ્યા'તા વામન પાવે રે, તે તો હરિઅવતાર કા'વે રે.
પણ અવતારના જે અવતારી રે, વાત તેની તો જાણજ્યો ન્યારી રે;
જાણો પુરુષોત્તમનો સ્પર્શ રે, તે તો સહુ થકી છે જો સરસ રે.
સર્વે ધામના જે કોઈ ધામી રે, તે તો અમે નારાયણસ્વામી રે;
વાત આજની છે અતિ મોટી રે, જેથી જીવ તર્યા કોટિકોટિ રે.
ચરાચર સ્થાવર ને જંગમરે, તે સહુને થયું છે સુગમરે;
સહુ ચાલ્યા જાય છે સ્વધામરે, નથી પડતું કોઈનું કામરે;
એમવે'તી કરી છે અમે વાટ રે, બ્રહ્મમોલ'માં જાવાને માટ રે.
શ્રીમુખે કહે એમશ્રીહરિ રે, સહુ વાત માનજો એ ખરી રે."[૪૪]

અનાદિ મુક્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી પરબ્રહ્મ પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાનના સ્પર્શનો મહિમા પ્રદર્શિત કરતાં જણાવે છે :-

"પરબ્રહ્મનો સ્પર્શ પામી, જેહ થયાં પૂરણકામ;
તન મૂકતાં તરત તેહ, પામશે પ્રભુનું ધામ.
જેમપારસના પ્રતાપથી, લોહપણું ન રહે લગાર,
નિષ્કુળાનંદ એમનાથસ્પર્શે, પ્રાણી પામે ભવપાર."[૪૫]

શ્રીસ્વામિનારાયણ ભગવાને અપાર કૃપા વરસાવતાં વળી જણાવ્યું, 'આ વખતે મારે એકસામટો અનંત જીવોનો ઉદ્ધાર

કરવો છે. મને તો એવું મનમાં રહ્યા કરે છે કે આખા બ્રહ્માંડના સઘળા જીવોને અભય કરી મારા દિવ્ય અક્ષરધામમાં લઈ જઉં કે જેથી વારે વારે મારે આ પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ થવાનો ફેરો ન પડે !!!' તે કહ્યું છે :-

"જાણિયે આખા જગતને, લઈ જાયે અમારે ધામ,
કેડે ન રાખિયે કોઈને, એમહૈયે છે ઘણી હામ.
ફરી ફરી ફેરો પડે, એવું કરવું નથી આ વાર;
સહુ જીવનો સામટો આજ કરવો છે ઉદ્ધાર."[૪૬]

આવો મહાકૃપામય જેમનો સંકલ્પ હોય એ કૃપા વરસાવતાં પાછી પાની કરે ખરા ? પોતાના સંબંધને પામેલી જડ વસ્તુઓથી પણ જીવોનું કલ્યાણ કરવું એવો સંકલ્પ કર્યો. જે જે વસ્તુ પોતાના અંગસંગની હતી તે પ્રસાદીની વસ્તુઓ તરીકે પાછળ રાખી. પોતાનાં ચરણારવિંદ છાપી આપ્યાં-પાદુકાઓ પૂજવા આપી ને પોતાની પ્રસાદીભૂત ચિત્રપ્રતિમાઓ સેવવા આપી. વળી જે કોઈ પશુ, પક્ષી, મનુષ્ય, દેવ, ભૂતભૈરવ શ્રીસ્વામિનારાયણ ભગવાનના સંબંધને પામ્યાં, સ્થાવર-જંગમયત્કિંચિત્ જે એમના સંબંધવાળું થયું તે સર્વે તરી ગયાં એટલું જ નહિ પણ અન્યને પાવન કરી શક્યાં. આ સમયે જીવની કરણી સામું તો જોયું જ નહિ-પાત્રતાનો પણ વિચાર કર્યો નહિ-દૈવી કે આસુરી, સત્ત્વગુણી, રજોગુણી કે તમોગુણી; મુમુક્ષુ, જિજ્ઞાસુ, વિષયી કે પામર-જે જે પોતાને શરણે આવ્યાં તે સર્વેનો ઉદ્ધાર થઈ ગયો. તૃણ, કાષ્ઠ ને તુંબડાં તારે એવાં વહાણ તો ઘણાં હોય, પણ લોઢું ને પથ્થર તારે એવાં વહાણ દુર્લભ છે; દૈવી જીવોનો મોક્ષ તો બીજા અવતારો યે કરે, પણ દૈવી કે આસુરી-સર્વેનો મોક્ષ કરવો એ તો અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રકટ થાય ત્યારે જ થાય. તે કહ્યું છેઃ-

"બીજા અવતારના અવતારી પોતે જી,
આપે આવિયા સર્વે સામર્થી સોતે જી."
સર્વે સામર્થી સહિત આવ્યા, અલબેલોજી આણી વાર;
પોતાના પ્રતાપથી કર્યો અનેક જીવનો ઉદ્ધાર.
ખગ, મૃગ, નર, નિર્જર, ભૂતભૈરવ પામ્યાં ભવપાર;
સ્થાવર જંગમજાતની આણે સમે લીધી સાર.
દૈવી આસુરી-દોયને તાર્યા આણે સમે અગણિત;
ન જોઈ કરણી કોઈની, એવી નવી વર્તાવી રીત.
તમોગુણી, રજોગુણી તારિયા, સત્ત્વગુણીને આપિયાં સુખ;
શરણાગતને આ સમે રે'વા દીધું નહિ દુઃખ.
જે જન કોઈ પ્રકારે કરીને, ઉદ્ધરવાનો આઝો+ નહિ;
એવા જન ઉદ્ધારિયા, તેની મોટપ્ય કેમજાયે કહી ?
ધર્મરહિત, ભક્તિરહિત, વળી વૈરાગ્ય જેને છે વેરવી;
એવા પામર નર પાર કર્યા, એવી વર્તાવી વાત નવી.
તૃણ, કાષ્ઠ ને તુંબડાં તારે, એવાં વા'ણ તો હોયે ઘણાં;
પણ લોહ પાષાણ તરઉતારે, એહ નાવમાં નહિ મણા.
તેમદૈવી મુમુક્ષુ જીવ તારે, તેનું આશ્ચર્ય શું જાણિયે ?
પણ આસુરી પામર નર તરે,
તેથી વાત બીજી શું વખાણિયે ?"[૪૭]

અત્યાર પહેલાં-શ્રીસ્વામિનારાયણ ભગવાનના પ્રાદુર્ભાવ પહેલાં-ઘણા અવતારો, ઘણાં વિભૂતિસ્વરૂપો તથા ઘણા ઈશ્વરો દ્વારા જીવોના કલ્યાણનું કાર્ય શ્રીસ્વામિનારાયણ ભગવાને કરાવ્યું પણ અક્ષરધામના ધામી સ્વયં આ પૃથ્વી પર ન પધારે ત્યાં સુધી એ ધામનું સુખ કોણ આપી શકે ? જેમણે એ અક્ષરાધિપતિને દીઠા નથી કે અનુભવ્યા નથી તે એમનું સ્વરૂપ કેવી રીતે સમજાવી શકે ? કેવી રીતે એ સ્વરૂપનો નિશ્ચય કરાવી શકે ? તે કહ્યું છેઃ-

"અનંત અવતાર આવ્યા અવનિયે, પણ આંક વાળિયો આ વાર."

"ધામી વિના રે એહ ધામનું, કોણ સુખ દેનાર ?
માટે આપે આવી આપિયું, અખંડ સુખ અપાર.
અટળ સુખના આપનારા, નથી કોઈ સહજાનંદજી સમાન;
બીજે છે વાતોના વાયદા, એમસમજવું બુદ્ધિવાન."

"માયિક સુખ પણ મોંઘાં ઘણાં, ત્યારે અમાયિકનો કોણ આપનાર ?
માટે સહજાનંદ સેવવા, ઉર કરી વળી વિચાર.
જેહ સુખ જેહને ધરે, તે તો તેનું દીધું દેવાય;
તેહ વિના તોળી તપાસિયું, લેશ પણ આપણે ન લેખાય.
એહ સુખને આપવા, આવ્યા અવનીએ અલબેલ;
મહા મોંઘું હતું એને મળવું, પણ સૌને થયું છે એ સે'લ.
પરમપરમાર્થી પ્રકટ્યા શ્રીસહજાનંદ સુખધામ;
આવી મળ્યા જન જેહને, તેહ થયા તે પૂરણકામ."
"આજ મોરે આવી વારતા, કોઈ પર અવર પામ્યા નથી;
નિષ્કુળાનંદ જેણે નથી દીઠા, તે કેવી રીતે કે'શે કથી ?"[૪૮]

(૩૭) નિષ્કુળાનંદકાવ્ય પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૧૧
(૩૮) વચનામૃત ગઢડા પ્રથમપ્રકરણ ૩
(૩૯) વચનામૃત ગઢડા પ્રથમપ્રકરણ ૩૭
(૪૦) નિષ્કુળાનંદકાવ્ય પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૧૨
(૪૧) સંયમની એટલે જમપુરી
(૪૨) નિષ્કુળાનંદકાવ્ય પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૧૨
(૪૩) હરિલીલામૃત કળશ ૫ વિશ્રામ ૬
(૪૪) નિષ્કુળાનંદકાવ્ય
(૪૫) નિષ્કુળાનંદકાવ્ય હરિબળગીતા કડવું ૩૦
(૪૬) નિષ્કુળાનંદકાવ્ય પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૪૫
(૪૭) નિષ્કુળાનંદકાવ્ય સારસિદ્ધિ કડવું ૪૧
(+) આઝો=વિશ્વાસ કે હિંમત
(૪૮) નિષ્કુળાનંદકાવ્ય સારસિદ્ધિ કડવું ૪૪-૪૫



# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## સામલોદ(ભરૂચ)માં પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા

ભરૂચ જિલ્લાના સામલોદ ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૨૪-૩-૦૭ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વડતાલથી બરાબર ૯.૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતમંડળ સાથે પધાર્યા હતા. તેઓશ્રીનું સ્વાગત ભવ્ય શોભાયાત્રા ગામના ભાગોળેથી સત્સંગ સભા સ્થળ સુધી કાઢી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ



સભામંચમાં પૂ. સંતો તથા અગ્રગણ્ય હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા અર્પણ કરીને સ્વાગત કર્યું હતું.

સૌપ્રથમપૂ. નિષ્કામસ્વામી - સરધાર, પૂ. સર્વમંગલ સ્વામી - વડતાલ અને પૂ. ઘનશ્યામસ્વામી આદિક સંતોના માંગલિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને ભગવાનનો મહિમા સમજાવીને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

અંતમાં ઠાકોરજી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારી સભાની સમાપ્તિ કરવામાં આવી હતી. પછી સહુ ભક્તજનો ઠાકોરજીના રીંગણાના શાકનો મહાપ્રસાદ આરોગી છૂટા પડ્યા હતા.

## ખાંભા (ગીર)માં યોજાયેલ કથા-પારાયણમાં પધારતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી

વિસાવદર તાલુકાના ખાંભા(ગીર)ને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૧૯-૩-૦૭ થી તા. ૨૫-૩-૦૭ સુધી સત્સંગ સમાજ - ખાંભા(ગીર) આયોજીત ખોપાળા નિવાસી પૂ સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના કૃપાપાત્ર શિષ્ય પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તા. ૨૫-૩-૦૭ના રોજ વડતાલથી પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમ તેઓશ્રીનું સ્વાગત ભવ્ય શોભાયાત્રા ગામના ભાગોળેથી કથાસ્થળ સુધી કાઢી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીએ આરતી ઉતારી હતી. ત્યારબાદ તેઓનું પૂ. સંતો તેમજ યજમાનશ્રી દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી, પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

## મોટી મોણપરીમાં સત્સંગ સભામાં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૨૫-૩-૦૭ ના રોજ ખાંભા(ગીર)માં યોજાયેલ કથા-પારાયણની પૂર્ણાહુતિ કરીને બપોરે ૧.૦૦ કલાકે વિસાવદર તાલુકાના મોટી મોણપરી ગામને આંગણે પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમ તેઓશ્રીનું સ્વાગત ભવ્ય શોભાયાત્રા ગામના ભાગોળેથી સત્સંગ સભા સ્થળ સુધી કાઢી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીએ આરતી ઉતારી હતી. ત્યારબાદ તેઓનું પૂ. સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી, પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

## વડોદરામાં યોજાયેલ માસિક સત્સંગ સભા

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા માસિક સત્સંગ સભાતા. ૨૫-૩-૦૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

આ સત્સંગ સભામાં વડતાલથી પૂ. પુરાણી સ્વામી, પૂ. નિષ્કામસ્વામી - સરધાર તથા પૂ. વકિલ સ્વામી પધારી સત્સંગ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

અંતમાં ઠાકોરજીની આરતી ઉતારી સભાની સમાપ્તિ કરવામાં આવી હતી. પછી સહુ ભક્તજનો ઠાકોરજીનો મહાપ્રસાદ આરોગી છૂટા પડ્યા હતા.

## સરધારધામમાં યોજાયેલ ભગવાન શ્રીહરિના ૨૨૬મો પ્રાગટ્ય મહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સરધારને આંગણે તા. ૨૭-૩-૦૭ ચૈત્ર સુદ - ૯ના રોજ રાત્રે ૯ થી ૧૨ વાગ્યા સુધી ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૨૬મા પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

પૂ. સ્વામીશ્રીએ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ અનુસાર 'ઘનશ્યામજન્મોત્સવ' કથાનું ભાવપૂર્વક પોતાની સમધુર શૈલીમાં ભક્તજનોને રસપાન કરાવ્યું હતું. બરાબર ૧૦.૧૦ કલાકે બાલપ્રભુને સુશોભિત પારણામાં ઝુલાવીને આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ સંતો-ભક્તોએ જન્મોત્સવ ઉજવણીના કીર્તનો બોલી ઉત્સવ મનાવ્યો હતો.



અંતમાં સહુ ભક્તજનો બાલપ્રભુને ધરાવેલ પંચાજરીનો પ્રસાદ સ્વીકારી ધન્યભાગી બન્યા હતા.

## શ્રીજીમંદિર - સુરતમાં યોજાયેલ ભગવાન શ્રીહરિના ૨૨૬મો પ્રાગટ્ય મહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજીનગરને આંગણે તા. ૨૭-૩-૦૭ ચૈત્ર સુદ - ૯ના રોજ રાત્રે ૯ થી ૧૨ વાગ્યા સુધી ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૨૬મા પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ મહોત્સવમાં સરધારથી પૂ. બ્રહ્મસ્વરૂપ સ્વામી તથા પૂ. નિષ્કામસ્વામી આદિક સંતો પધારી શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ અનુસાર 'ઘનશ્યામજન્મોત્સવ' કથાનું ભક્તજનોને રસપાન કરાવ્યું હતું. બરાબર ૧૦.૧૦ કલાકે બાલપ્રભુને સુશોભિત પારણામાં ઝુલાવીને આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ સંતો-ભક્તોએ જન્મોત્સવ ઉજવણીના કીર્તનો બોલી ઉત્સવ મનાવ્યો હતો.

અંતમાં સહુ ભક્તજનો બાલપ્રભુને ધરાવેલ પંચાજરીનો પ્રસાદ સ્વીકારી ધન્યભાગી બન્યા હતા.

## વાંસખીલીયા ખાતે યોજાયેલ હોમાત્મક મહાપૂજામાં પધારતા પ. પૂ. લાલજી મહારાજશ્રી

આણંદ જિલ્લાના વાંસખીલીયા ખાતે તા. ૨૮-૩-૦૭ના રોજ યોજાયેલ હોમાત્મક મહાપૂજામાં વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતમંડળ સાથે પધાર્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા હોમાત્મક મહાપૂજામાં શ્રીફળ બીડું હોમીને પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ આ પ્રસંગે યોજાયેલ સત્સંગ સભામાં પૂ. સંતો-ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળાથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારપછી પૂ. વકિલ સ્વામી, પૂ. સર્વમંગલ સ્વામી તથા પૂ. ઘનશ્યામસ્વામીના મંગલ ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને ભગવાનનો મહિમા સમજાવીને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

## કોટડા(પીઠા)માં યોજાયેલ કથા-પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૩૧-૩-૦૭ના રોજ રાજકોટ જિલ્લાના કોટડા(પીઠા) ખાતે પ.ભ. શ્રી શંભુભાઈ ડોબરીયાના યજમાનપદે પિતૃમોક્ષાર્થે યોજાયેલ કથા-પારાયણમાં વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતમંડળ સાથે પધાર્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમ તેઓશ્રીનું સ્વાગત ભવ્ય શોભાયાત્રા ગામના ભાગોળેથી કથાસ્થળ સુધી કાઢી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓનું સરધારથી પધારેલ પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી આદિક સંતો તેમજ યજમાનશ્રી દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ. સ્વામીશ્રી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.



## હામાપુરમાં યોજાયેલ કથા-પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

બગસરા તાલુકાના હામાપુરને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૨૬-૩-૦૭ થી તા. ૧-૪-૦૭ સુધી સત્સંગ સમાજ - હામાપુર આયોજીત ખોપાળા નિવાસી પૂ સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના કૃપાપાત્ર શિષ્ય પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તા. ૩૧-૩-૦૭ના રોજ વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમ તેઓશ્રીનું સ્વાગત ભવ્ય શોભાયાત્રા ગામના ભાગોળેથી કથાસ્થળ સુધી કાઢી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આરતી ઉતારી હતી. ત્યારબાદ તેઓનું પૂ. સંતો તેમજ યજમાનશ્રી દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી, પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, પૂ. આનંદ સ્વામી - સરધાર, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

## રઘુવીરવાડી -વડતાલ ખાતે યોજાયેલ ઈનામવિતરણ કાર્યક્રમ

તા. ૨-૪-૦૭ના રોજ હનુમાન જયંતીના શુભ દિવસે પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સવારે ૯.૦૦ કલાકે આણંદ જિલ્લા કલા શિક્ષક સંઘના ઉપક્રમે શ્રેષ્ઠ કલા પ્રદર્શન કર્તાનો ઈનામવિતરણ કાર્યકર્મ યોજવામાં આવ્યો હતો.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કલા પ્રદર્શન કર્તાઓને ઈનામઆપવામાં આવ્યો હતા.

આ પ્રસંગે જિલ્લા કલેકટર તેમજ અગ્રગણ્ય પ્રતિનિધિએ ઉપસ્થિત રહિને પ્રસંગે શોભાવ્યો હતો.

## આણંદમાં શ્રી રોકડીયા હનુમાન ખાતે યોજાયેલ મારૂતિ યજ્ઞમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૨-૪-૦૭ના રોજ હનુમાન જયંતીના શુભ દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણ અંકિતથી પવિત્ર થયેલી ભૂમિઉપર સ્થાપિત શ્રી રોકડીયા હનુમાન મંદિર ખાતે વહેલી સવારે ૬.૦૦ કલાકે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા શ્રી રોકડીયા હનુમાનજી મહારાજનો તેલ-સિંદુર ઉપચારો વડે અભિષેક તેમજ પૂજન કરવામાં આવ્યું હતું.

આજના હનુમાન જયંતીના પવિત્ર દિવસે મંદિર દ્વારા આયોજીત મારૂતિ યજ્ઞનું શ્રીફળ બીડું હોમવા માટે ફરીથી પ.પૂ. લાલજી મહારાજશ્રી સાંજે ૫.૦૦ કલાકે રોકડીયા હનુમાન મંદિર ખાતે પધાર્યા હતા. વિદ્વાન વિપ્રોના વેદમંત્રોના ગાન સાથે યજ્ઞનું શ્રીફળ બીડું હોમીને યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## ગઢપુરમાં યોજાયેલ કથા પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૪-૪-૦૭ થી તા. ૧૦-૪-૦૭ સુધી ગઢપુર મંદિર કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજીના વ્યાસાસને અને આફ્રિકા નિવાસી પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ જીવરાજભાઈ જોબનપુત્રાના યજમાનપદે દાદાખાચરના દરબારમાં સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તા. ૭-૪-૦૭ના રોજ વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી સાંજે ૫.૦૦ કલાકે પધાર્યા હતા. સૌપ્રથમ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આરતી ઉતારી હતી. ત્યારબાદ દાદાખાચરના દરબાર યોજાયેલ પારાયણમાં તેઓનું પૂ. એસ.પી. સ્વામી તથા યજમાન શ્રી ઘનશ્યામભાઈ આદિક સંતો-ભકતો દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ. સંતો-ભક્તોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

આ પ્રસંગે સરધારથી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી, અમરેલીથી પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, ખોપાળાથી પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી વગેરે સંતો પધારી દર્શન-અમૃતવાણીનો લાભ આપ્યો હતો.



## રીબ ગામમાં યોજાયેલ કથા પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી





ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૩-૪-૦૭ થી તા. ૯-૪-૦૭ સુધી સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વ્યાસાસને રીબના પ.ભ. શ્રી કાકુભાઈ પરબતભાઈ લીલાના યજમાનપદે રીબ ગામને આંગણે સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વકતાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તા. ૮-૪-૦૭ના રોજ વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી સવારે ૧૦.૦૦ કલાકે પધાર્યા હતા. સૌપ્રથમ તેઓશ્રીનું સ્વાગત ભવ્ય શોભાયાત્રા ગામના ભાગોળેથી કથાસ્થળ સુધી કાઢી કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સભામંચમાં પૂ. વકતાશ્રી તેમજ યજમાનશ્રી આદિક ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા અર્પણ કરીને ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ. સંતો-ભક્તોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

## સરધારધામમાં નૂતન હોસ્પીટલમાં પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને તૈયાર થયેલ આધુનિક સાધનો સુજજ નૂતન 'શ્રી સ્વામિનારાયણ હોસ્પીટલ'માં તા. ૮-૪-૦૭ના રોજ રીબ ગામમાં યોજાયેલ કથા-પારાયણમાં ભક્તજનોને દિવ્ય સુખ આપીને બપોરે ૧.૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી સરધાર પધાર્યા હતા.



સૌપ્રથમપૂ. સંતોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારમાળા પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નૂતન હોસ્પીટલમાં પધરામણી કરીને ઓપરેશન થિયેટર, એક્સ રે, લેબોરેટરી વિભાગ આદિક વોર્ડમાં પગલા પાડીને આધુનિક મશીનોનું પૂજન કર્યું હતું.

સરધારના સંતો-ભક્તોને દર્શન અને આશીર્વાદ આપીને બરાબર ૩.૦૦ કલાકે વેળાવદર જવા માટે વિદાય થયા હતા.

## વેળાવદરમાં યોજાયેલ કથા-પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ગારીયાધાર તાલુકાના વેળાવદરને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૪-૪-૦૭ થી તા. ૧૦-૪-૦૭ સુધી સત્સંગ સમાજ - વેળાવદર આયોજીત ખોપાળા નિવાસી પૂ સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના કૃપાપાત્ર શિષ્ય પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વકતાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તા. ૮-૪-૦૭ના રોજ વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમ તેઓશ્રીનું સ્વાગત ભવ્ય શોભાયાત્રા ગામના ભાગોળેથી કથાસ્થળ સુધી કાઢી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની પ.પૂ.લાલજી મહારાજશ્રીએ આરતી ઉતારી હતી. ત્યારબાદ તેઓનું પૂ. સંતો તેમજ યજમાનશ્રી દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી, પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, પૂ. આનંદ સ્વામી - સરધાર પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

## મોટા ચારોડીયામાં સત્સંગ સભામાં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૮-૪-૦૭ ના રોજ વેળાવદરમાં યોજાયેલ કથા-પારાયણમાં હાજરી આપીને સાંજે ૮.૦૦ કલાકે મોટા ચારોડીયાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આરતી ઉતારી હતી. ત્યારબાદ તેઓનું પૂ. સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી, પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, પૂ. આનંદ સ્વામી - સરધાર, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતોના પ્રાસંગિક ઉદ્બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

## મીરા રોડ (મુંબઈ)માં યોજાયેલ ભવ્ય શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

વ્હાલા ભક્તજનો ! શ્રીજીમહારાજ અંત્ય પ્રકરણના ૨જા વચનામૃતમાં કહે છે : 'અષ્ટાંગયોગ તથા સાંખ્યવિચાર તથા શાસ્ત્રપાઠન તથા તપ, ત્યાગ, યોગ, યજ્ઞ અને વ્રતાદિકે કરીને હું તેવો વશ થતો નથી જેવો સત્સંગ કરીને વશ થાઉં છું.' તે ન્યાયે સત્સંગે કરીને આ હળાહળ કળિયુગમાં મુમુક્ષુ જીવાત્માઓને ભગવાનનો માર્ગ મળે, જગતના વ્યસન-ફેશન અને ભોગ-વિલાસ તરફથી પાછા વળીને ભગવાન પ્રતિ આગળ વધે તેમજ આવતી ભાવિપેઢીમાં સુસંસ્કાર પ્રાપ્ત થાય તેવા શુભ હેતુસર સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ઉપાધ્યક્ષપદે સમસ્ત મુંબઈ પરાવિસ્તાર શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ આયોજીત મીરારોડ(મુંબઈ)ને આંગણે ભવ્ય 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' તા. ૧૧-૪-૦૭ ચૈત્ર વદ - ૮ થી તા. ૧૭-૪-૦૭ ચૈત્ર વદ - ૩૦ સુધી ઉજવાશે. આ પ્રસંગે સદ્. શતાનંદ સ્વામી વિરચિત સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'નું સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે આયોજન કરવામાં આવ્યું છે.

તા.૧૧-૪-૦૭ના રોજ મહોત્સવના મુખ્ય યજમાનશ્રીના નિવાસસ્થાને થઈને કથાસ્થળ સુધી ધામધુમપૂર્વક પોથીયાત્રા કાઢવામાં આવી હતી.

સભામંચમાં પ્રથમયજમાનશ્રી દ્વારા ઠાકોરજી, પોથીજી તથા પૂ. વક્તાશ્રીનું પૂજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૨-૪-૦૭ના રાત્રે૧૦.૧૦ કલાકે સંગીતના સુરો સાથે સભામંચમાં વક્તાશ્રી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ કથા અંતર્ગત અને ભગવાન શ્રીહરિના જન્મના ૨૨૬માં પ્રાગટ્યોત્સવ અતિ ભવ્યતાપૂર્વક વર્ણન કરીને જાણે કે આજથી ૨૨૬ વર્ષ પહેલા છપૈયાપુરમાં ધર્મ-ભક્તિના ઘેરે ઉજવાયેલ પ્રાગટ્યોત્સની ઝાંખી આણંદ શહેરના અને લાઈવ પ્રસારણ દ્વારા પ્રાગટ્યોત્સવનો લાભ લેતા હજારો આબાલ-વૃદ્ધ હરિભક્તોના અંતરમાં સ્મૃતિપટ કર્યો હતો. ત્યારે સર્વત્ર આનંદ, આનંદ છાઈ રહ્યો અને પછી "રંગ લાગ્યો ઘનશ્યામતારો રંગ લાગ્યો" અને "ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી" ના જયઘોષથી સારાયે સભાખંડમાં જાણે આજે બ્રહ્માંડ નાચતું કુદતું હોય એવું દિવ્ય વાતાવરણ ખડું કર્યું. તે જ સમયે હિંડોળે ઝુલતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે સહુના ચિત્ત ખેંચી લીધા. પછી તો દાંડિયારાસ, આતશબાજીવાળા, ગવૈયાઓ આદિક સહુ નાચવા કુદવા લાગ્યા. આ પ્રમાણે ઘનશ્યામના પ્રાગટ્યના જન્મોત્સવે તો સારાયે વાતાવરણને રંગભીનું કરી દીધું હતું.

તા. ૧૪-૪-૦૭ના રોજ રાત્રે ૧૦.૩૦ કલાકે આ મહોત્સવના કળશ ચઢાવવાને માટે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓનું પૂ. સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સભામંચમાં વક્તાશ્રી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ કથા અંતર્ગત ભગવાન શ્રીહરિનો જેતપુરમાં ગાદિ પટ્ટાભિષેક પ્રસંગ અતિ ધામધુમથી ઉજવ્યો હતો. જાણે કે અત્યારે જ સભામંડપમાં શ્રીજી મહારાજનો પ્રથમગાદી પટ્ટાભિષેક મહોત્સવ ઉજવાઈ રહ્યો હોય એવું દિવ્ય વાતાવરણ ખડું થયું હતું. પ્રસંગને અનુરૂપ કિર્તનો, ઉત્સવીયા હરિભક્તોનો રાસ અને નૃત્યની રમઝટ બોલાવી હતી. ત્યાર બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને યજમાનશ્રીઓ તથા સંતો દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત સહિત કેસર વગેરે સુગંધિત જળોથી અભિષેક કરવામાં આવ્યો હતો. આ અભિષેક કરવામાં આવ્યો ત્યારે તમામભક્ત સમુદાય ભાવવિભોર બની ગયો હતો. પછી પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા પટ્ટાભિષેક મહોત્સવની આરતી ઉતારવવામાં આવી હતી.

તા. ૧૫-૪-૦૭ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ભવ્ય નગરયત્રા મીરા રોડ શહેરના રાજમાર્ગો પરથી ભવ્યતાથી નીકળી હતી. શણગારેલા ફલોટ્સમાં બિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન કરી નગરજનો અતિ આનંદની લાગણી અનુભવતા હતા. કથાસ્થળે નગરયાત્રા વિરમી હતી. ત્યારબાદ સભામંચમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓનું પૂ. સંતો તેમજ યજમાનશ્રી દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ. સંતોના પ્રાસંગિક ઉદ્બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

તા. ૧૬-૪-૦૭ના રોજ પારાયણ અંતર્ગત ગઢપુરમાં શ્રીજી મહારાજે ઉજવેલ ભવ્ય અન્નકુટ લીલાઉત્સવનું રાત્રિ કથામાં પૂ. વક્તાશ્રી અતિ સુમધુર શૈલીમાં વર્ણન કરીને તે ઉત્સવને તાદશ્ય ચિત્ર ખડું કર્યું હતું. તે અન્નકુટ મહોત્સવની આરતી યજમાનશ્રી દ્વારા ઉતારવામાં આવી હતી.

તા. ૧૭-૪-૦૭ના રોજ રાત્રે ૧૧.૦૦ કલાકે પારાયણની સમાપ્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદનો અમૃતલાભ આપી સહુને કૃતાર્થ કર્યા હતા. અંતમાં પૂર્ણાહુતિની આરતી યજમાનો દ્વારા ઉતારવામાં આવી હતી.

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - રૂણજના લાભાર્થે

# ।। શ્રી સ્વામિનારાયણ મહોત્સવ ।।

**શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ - શ્રીહરિ યજ્ઞ મહોત્સવ - વિધવિધ કાર્યક્રમો**

**મહોત્સવ તારીખ :- ૨૫-૪-૦૭ વૈશાખ સુદ - ૯ થી ૧-૫-૦૭ વૈશાખ સુદ - ૧૪ સુધી**

**વક્તા :-** પૂ. પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજી - વડતાલ (હાલ - વરજાંગ જાળિયા)

**આયોજક :-** સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિરન્નમુક્તદાસજી (વકિલ સ્વામી)

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ધામ' તારાપુર-સોજીત્રા હાઈવે, મુ.પો. પલોલ તા. સોજીત્રા જી. આણંદ મો. ૯૮૭૦ ૮૭૫૬૧, ૯૪૨૭૮ ૫૩૨૩૪,

---

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રીહરિ મંદવાડ ગ્રહણ સ્થાન વરજાંગ જાળિયાને આંગણે તૈયાર થયેલ નૂતન સભામંડપ(હરિમંદિર)નો

# ।। ઉદ્‌ઘાટન મહોત્સવ સમારોહ ।।

**સાથે સાથે શ્રી નીલકંઠ વર્ણી ભોજનાલય - કોઠાર રૂમ- સંતનિવાસ - ઓફિસરૂમનું ઉદ્‌ઘાટન થશે.**

**મહોત્સવ તારીખ :- ૧૧-૫-૦૭ વૈશાખ વદ - ૯ શુક્રવાર**

**ઉદ્‌ઘાટક :-** પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

**પ્રયોજક :-** પૂ. પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજી - વડતાલ (હાલ - વરજાંગ જાળિયા)

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ મંદિર' મું. વરજાંગ જાળિયા તા. ઉપલેટા જી. રાજકોટ. મો. ૯૮૭૯૬ ૯૧૮૯૬

---

## શ્રીજીપ્રસાદિભૂત તીર્થધામ સરધારને આંગણે
## દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી લાભપાંચમ સુધી

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે બારમી

# ।। શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી ।।

**પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

---

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર :-** તા. ૬-૫-૦૭, વૈશાખ વદ - ૪, રવિવાર સવારે ૯ થી ૧૨

**રાજકોટ :-** તા. ૩-૫-૦૭, વૈશાખ વદ - ૧, શુક્રવાર રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** મહેન્દ્રભાઈ પાટડીયા મો. ૯૪૨૬૨ ૨૯૫૫૮, કરશનભાઈ ઢાંકેચા મો. ૯૪૨૬૭ ૮૧૧૭૯



સરધારધામને આંગણે આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા

# "ટુંક સમયમાં જ પ્રકાશિત થાય છે..."

## સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો મહાન સમ્રાટ ગ્રંથ (મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર)

# ।। શ્રીમદ્ સત્સંગિજીવન ।।




વ્હાલા ભક્તજનો ! ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્વમુખે જે શાસ્ત્રને સર્વશાસ્ત્રમાં શિરમોડ શાસ્ત્રનું બિરૂદ આપી પ્રશંસા કરી છે તેવા શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથને નંદસંતોના હસ્તલિખિત પ્રતના માધ્યમથી સર્વપ્રથમવાર સંસ્કૃતની સાથે સરળ ગુજરાતી ભાષામાં ખૂબ સુંદર રીતેપ.પૂ. ધ.ધુ. **૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ **પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા પ્રકાશિત કરવાનો નિર્ધાર કરેલો છે. જેનું શુદ્ધ અને વિષયવાર હેડીંગ, પેરેગ્રાફાદિ સહિત માટે જ વાંચવામાં સરળ અને શ્રવણગમ્ય ગુજરાતી અનુવાદ તથા પ્રુફ સંશોધન સરધાર નિવાસી સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)એ કરેલ છે.

ફોરકલરમાં વિવિધ ચિત્રાવલીના આશરે ત્રીશેક પોઝ યુક્ત આ ગ્રંથ અંદાજે રૂા. ૪૫૦ ની મૂળ કિંમતે તૈયાર થશે. પરંતુ આમાં જે કોઈ હરિભક્તો તરફથી રૂા. ૧,૦૦૦નું સૌજન્ય આપવામાં આવશે તેનું આ ગ્રંથમાં દાતાની નામાવલિમાં નામલખાશે. ઉપરાંત તેમને એક ગ્રંથ ભેટ કરવામાં આવશે. અને જેટલું સૌજન્ય પ્રાપ્ત થશે તેટલી ગ્રંથની કિંમત ઘટાડી નાનામાં નાના હરિભક્ત સુધી તેને પહોંચાડી ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત ગ.મધ્ય. ૫૮માં સ્વમુખે કહેલ છે કે, અમારા સંપ્રદાયની પુષ્ટિ તો અમારા જન્મથી તિરોધાન સુધીના ચરિત્ર સભર શાસ્ત્રના માધ્યમથી થાય, પરંતુ અન્ય રીતે ન થાય. તો આ ગ્રંથના પ્રકાશન-માધ્યમથી સંપ્રદાયની પુષ્ટિ થાય અને હજારો ભક્તજનોને ભગવાન શ્રીહરિની ઓળખાણ થાય અને જીવાત્માની મુક્તિ થાય એવો જ શુભ હેતુ છે.

તો આ ગ્રંથમાં સેવા લખાવી પોતાની સંપત્તિનું સદ્વ્યય અને ગ્રંથલાભ પ્રાપ્ત કરવા માંગતા હોય તે ભક્તજનો શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારના નામથી ચેક/ડ્રાફ કે રોકડ રકમમોકલી શકશે. જેની મંદિર તરફથી પાકી પહોંચ આપવામાં આવશે.

આ ગ્રંથમાં જે કોઈ વ્યકિત રૂા. ૧,૦૦૦ લખાવશે તેનું આ ગ્રંથમાં નામતેમજ પ્રકાશન બાદ એક સેટ ભેટ આપવામાં આવશે. રૂા. ૨,૦૦૦ લખાવશે તેને બે સેટ અને રૂા. ૫,૦૦૦ લખાવશે તેને પાંચ સેટ ભેટ આપવામાં આવશે. તેમઆગળ રકમપ્રમાણે સેટ ભેટ આપવાનું યથાયોગ્ય જાણી લેવું.

**તા.ક.** વ્હાલા ભક્તજનો ! હાલમાં આ ગ્રંથનું પ્રિન્ટીંગ ચાલુ છે. જો આપને ઉપરોક્ત તકની લાભ લેવાની ઈચ્છા હોય તો વહેલી તકે તા. ૧૦-૫-૦૭ સુધીમાં આપનું નામલખાવવા વિનંતી. ગ્રંથનું છાપકામપૂર્ણ થયા પછી આ અવસર પ્રાપ્ત થશે નહિ તેની દરેકે નોંધ લેવી. **આ ગ્રંથનું વિમોચન ગુરુપૂનમના (૨૯-૭-૦૭) દિવસે વડતાલમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા કરવામાં આવશે.** માટે અગાઉ જેમણે નામલખાવ્યું છે તેમણે જો રકમભરવાની બાકી હોય તો ઉપરોક્ત તારીખ સુધીમાં રકમભરપાઈ કરી દેવી. જેથી કરી તેમનું નામગ્રંથમાં આવી શકે. જેની દરેકે સભ્યોએ નોંધ લેવી.

**ખાસ નોંધ :- આ ગ્રંથમાં જે કોઈ સેવા લખાવવા માંગતા હોય તેમણે સરધાર મંદિર અથવા પૂ. સંતોશ્રીનો સંપર્ક કરવા વિનંતી. ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭ ૫૮૫૦૩**

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

એપ્રિલ- ૨૦૦૭







વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ઉજવાયેલ

**॥ શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - ૨૦૦૭, મીરારોડ ॥** (તા. ૧૧ થી ૧૭ એપ્રીલ)

Shree Swaminarayan Chintan, April-2007 Reg. No. GRJ - 517/08 Reg. No. RNI No. GUJGUJ10785/06/1/03 - TC



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ઉજવાયેલ

## ॥ શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - ૨૦૦૭, મીરારોડ ॥

૧. મહોત્સવના મુખ્ય દ્વારને ખુલ્લો મુકતા પૂ. સ્વામીશ્રી તથા નગરસેવક શ્રી ચંદ્રકાંત મોદી અને મુખ્ય યજમાનશ્રીઓ. ૨. કથા અંતર્ગત ઘનશ્યામજન્મોત્સવની ઉજવણી કરતા મુંબઈ પરા વિસ્તારના ઉત્સાહી ભક્તજનો. ૩. કથા અંતર્ગત ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવમાં પંચામૃત જળે કરીને ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. વક્તાશ્રી. ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કરતા મહોત્સવના મુખ્ય યજમાનશ્રી જયંતિભાઈ પરમાર. ૫. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું જનમંગલ નામાવલિ યુક્ત અનેકવિધ પુષ્પમાળાઓથી સ્વાગત કરતા પરાવિસ્તારના ભાવિક ભક્તજનો. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ૩૪ ફુટના હારમાળાથી સ્વાગત કરતા મલાડ યુવક મંડળના યુવાનો. ૭. પટ્ટાભિષેક મહોત્સવના યજમાન પ.ભ. શ્રી રસિકભાઈ નિસર - થાણાને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. સુપ્રસિદ્ધ પખાવજવાદક શ્રી માધવજી પવારને શ્રીહરિની મૂર્તિ સાથે આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૯/૧૦. સંતો-ભક્તોને ઉપર આશીર્વાદાત્મક દિવ્ય અમૃતવર્ષા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૧. મુખ્ય યજમાન શ્રી પરમાર ગૃપની સાઈડ ઓફિસમાં પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૨. પૂ. વક્તાશ્રીનું સ્વાગત કરતા મીરા રોડના નગરસેવક શ્રી ચંદ્રકાન્ત મોદી સાથે કથાના મુખ્ય શ્રી બાબુભાઈ ટાંક.

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas

Shreeji Art (079) 26580916, 9879606686



## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. રીબમાં યોજાયેલ કથા-પારાયણમાં પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની નીકળેલ ભવ્ય સ્વાગત શોભાયાત્રા. ૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા કથાના યજમાન શ્રી કાકુભાઈ લીલા - રીબ. ૩. પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા અર્પણ કરતા અમેરિકાથી પધારેલ પ.ભ. શ્રી જીગર પટેલ. ૪. ફૂલોના સુશોભિત મંચમાં વિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રી - રીબ. ૫. સરધારમાં નૂતન હોસ્પીટલમાં પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. આધુનિક ઓપરેશન મશીનોનું પ્રાસાદિક ઉપચારો વડે પૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. વેળાવદરમાં યોજાયેલ કથા-પારાયણમાં પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની નીકળેલ ભવ્ય સ્વાગત શોભાયાત્રા. ૮. વેળાવદર શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૯. વેળાવદરમાં ભક્તજનોને દિવ્ય અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦. પ.પૂ. લાલજી મહારાજશ્રીના અમૃતવચનોનું રસપાન કરતા વિશાળ ભક્ત સમુદાય - વેળાવદર. ૧૧. મોટા ચારોડીયામાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૨. મોટા ચારોડીયામાં યોજાયેલ સત્સંગ સભામાં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧.સામલોદ(ભરૂચ)માં યોજાયેલ શાકોત્સવમાં રીંગણાના શાકનો વઘાર લેતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સાથે પૂ. સંતો. ૨. સરધારમાં ભગવાન શ્રીહરિના ૨૨૬મા પ્રાગટ્ય મહોત્સવના દિવસે ઘનશ્યામજન્મોત્સવની કથા સંભળાવતા પૂ. સ્વામીશ્રી. ૩. સરધારમાં ઘનશ્યામજન્મોત્સવની ઉજવણી કરતા પૂ. સંતો-ભક્તો. ૪. કોટડા(પીઠા)માં યોજાયેલ કથા-પારાયણમાં ભક્તજનોને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. કોટડા(પીઠા)માં યોજાયેલ કથા-પારાયણમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર. ૬. કોટડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. હામાપુરમાં યોજાયેલ કથા-પારાયણમાં ભક્તજનોને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લાભ લેતા હામાપુર વિસ્તારના ભક્તજનો. ૯. સરધારમાં હનુમાન જયંતીના દિવસે શ્રી હનુમાનજી મહારાજની આરતી ઉતારતા પૂ. સ્વામીશ્રી. ૧૦. શ્રી રોકડીયા હનુમાનજી(આણંદ)નો અભિષેક કરતા પ.પૂ. લાલ જી મહારાજશ્રી. ૧૧. ગઢપુરમાં યોજાયેલ કથા-પારાયણમાં પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા યજમાન શ્રી ઘનશ્યામભાઈ જોબનપુત્રા (આફ્રિકા). ૧૨. યજમાન શ્રી ઘનશ્યામભાઈ જોબનપુત્રા (આફ્રિકા)ના પૌત્ર ચિ. વિવેકને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.